# સહજ-સત્સંગ

Year : 2 Issue : 13 Dt. 1-2-2014 Page - 52 માસિક



સિંહબાળ અમે નિર્ભય ફરતા.



## મા મીરાંબિકા

Do not think of what you have been, Think only of what you want to be and you are sure to progress.

- The Mother

### દૃઢ ધારણા


શું હતા ભૂતકાળમાં, તેનો ન અફસોસ કરો,
એટલું જ વિચારજો, બનવાનું છે તે હૃદયે ધરો,
તેને માટે મથતા રહો, ન થાક, હાર, શ્રમ ગણકારતા,
નિશ્ચિતે પ્રગતિ થશે, અચૂક એ ધારણા ધરો.

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

## વિશ્વને શાંતિનું વરદાન

(તા.૦૮.૧૦.૧૯૧૪ - પૃ.૧૯૧)



મારા સ્વરૂપનું અર્પણ..... એ પરમ સત્ય પ્રત્યે હો, જે અચિંત્ય અને અવ્યક્ત છે. પરંતુ કાળની ભૂમિકામાં એ એક સર્વાંગી આવિર્ભાવના રૂપમાં વ્યક્ત થાય છે. હે પરમ સ્વરૂપ, હું પરમ નીરવતામાં અને સર્વાંગી સમર્પણમાં એના સંકલ્પને પારખી શકું છું. તું મને આખી પૃથ્વીની પ્રતિનિધિ બનાવ કે જેથી એ (મારી દ્વારા)સમર્પણ કરી દે.

જગત જે કાંઈ છે અવિકારી, કાલાતીત અને કાળ સ્થળની ચેતનામાં વધુ ને વધુ સ્વરૂપ ધારણ કરવાનો સંકલ્પ કરી રહેલ છે. અનંત અવિચળતામાં જે કાંઈ છે અને જે કાંઈ બનવાનો સંકલ્પ કરે છે, તે દિવ્ય આશારૂપ પણ તું જ છે. હે પ્રભુ જગતને તારા અદ્‌ભુત વરદાનો આપ. પૃથ્વી ઉપર શાંતિ સ્થપાય.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** | | **યોગ પર દીપ્તિઓ** (સચ્ચિદાનંદ) | ૨૯ |
| (વિશ્વને શાંતિનું વરદાન) | ૩ | **સાંજના વાર્તાલાપો** (અસુરોનું સ્વરૂપ) | ૩૨ |
| **શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન** (પૂર્વ ભૂમિકા) | ૬ | **વેદવિજ્ઞાન** (રૂદ્રો) | ૩૪ |
| **દિવ્યજીવન** (અહંકાર અને તેનાં પરિણામો) | ૭ | **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** | |
| **માતૃવાણી** | | (ધ્યાન એટલે શું ?) | ૩૮ |
| (સામાન્ય ધ્યાન અને એકાગ્રતા : તફાવત) | ૧૦ | **જાતક કથાઓ** | |
| **સાવિત્રી** (પ્રકૃતિનાં પ્રયત્નો) | ૧૪ | (પડોશી : પહેલા સગા - પછી બીજા) | ૪૨ |
| **યોગ વિષે પત્રો** (કેન્દ્રસ્થ સ્વરૂપ) | ૧૮ | **યોગનાં મૂળતત્ત્વો** (પ્રેમ) | ૪૩ |
| **ઉપનિષદો** (દિવ્ય - સંકલ્પ સાથેનાં કર્મો) | ૨૦ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** | |
| **વેદ-રહસ્ય** (સૂર્ય, સવિતૃનું સ્વરૂપ ) | ૨૩ | (વિનાશ અને ઉત્પતિ (૬૦) | |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** | | પ્રભુના વિવિધ પાસાં (૬૧-૬૩) | ૪૫ |
| (શ્રી કૃષ્ણ અને શ્રી અરવિન્દ) | ૨૬ | **શ્રી માતાજી જન્મદિન - દર્શનદિન - ૨૧ ફેબ્રુઆરી** | ૪૮ |
| | | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**

અંક : ૧૩ વર્ષ : ૨
ફેબ્રુઆરી - ૨૦૧૪



સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**



**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફટ, પોસ્ટલ ઓર્ડરથી **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આાપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

# વિશ્વન શાંતિનું વરદાન

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**માતાજી પ્રભુને જગત ઉપર શાંતિનું અદ્‌ભુત વરદાન વરસી પડે એમ ઈચ્છે છે. પ્રથમ મહાયુદ્ધનો અંત આવે એમ ઈચ્છે છે.**

**પણ આ વરદાન પોતાના પૂર્ણ સમર્પણ ભાવથી જ મળશે એમ જાણી તેને વધુ ને વધુ પૂર્ણ કરવામાં આવે એમ પ્રભુને પ્રાર્થે છે.**

**પ્રભુ બન્ને સ્વરૂપ છે. અવ્યક્ત અને વ્યક્ત. પ્રથમ અવસ્થામાં તે કાલાતીત સ્થળાતીત છે. ઈન્દ્રિયોને અગમ્ય છે. બીજી વ્યક્ત સ્થિતિ ઈન્દ્રિયગમ્ય અને સ્થળકાળમાંની જ છે.**

**પ્રભુની અભિવ્યક્તિને કોઈ જડ નિયમોમાં બાંધી શકાતી નથી તેને કોઈ નામરૂપ અપાતા નથી પણ તે બાબત ધ્યાનની નીરવતામાં પ્રગટ થાય છે.**

**માતાજી વિનવે છે કે તેમને સમગ્ર પૃથ્વીના પ્રતિનિધિ બનાવો, જેથી પોતાના દૃઢ અને નિષ્ઠાપૂર્ણ સંકલ્પથી તે પૃથ્વી ઉપર પ્રભુના આવિર્ભાવને પ્રગટ કરે અને તેને ઊની આંચ પણ ન આવવા દે.**

**પ્રભુએ પોતાનો આવિર્ભાવ કરવાનો સંકલ્પ કરેલ છે. માતાજી તેમાં પોતાના સંકલ્પને ભેળવી દે છે અને આ રીતે પ્રભુના મુક્ત આવિર્ભાવને મદદ કરે છે. પ્રભુનાં આવિર્ભાવોમાંનું એક સ્વરૂપ છે શાંતિ. તે આવિર્ભાવનું હાલના તબક્કે વરદાન આપવા માતાજી વિનંતિ કરે છે.**

# શ્રી અરવિન્દનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

## પૂર્વભૂમિકા

(ગતાંકથી ચાલુ)

અતિમનસ ભૂમિકામાં વિચારો પણ હશે. સંકલ્પો પણ હશે. સંવેદનો પણ હશે. આપણી પ્રકૃતિની સઘળી વસ્તુઓ હશે. પણ અત્યારે જેવી છે, તેવી નહીં. બધું જ દિવ્યતામાં રૂપાંતર પામેલું હશે. વિચાર કંઈ બુદ્ધિના હવાઈ ખ્યાલ જેવો નહીં હોય. પણ તે અનંત ચેતનાના પ્રકાશપૂર્ણ આનંદમય તરંગ રૂપે હશે. સંકલ્પો અને આવેગો એ આપણા અત્યારના પ્રાણમાંથી ઊઠતા માત્ર આવેગો સમા નહીં હોય. પણ સત્ ચિત્ અને આનંદની વાસ્તવિક શક્તિ રૂપ બની ગયા હશે. અતિમનસમાં પ્રાણ એ આત્માની અમોઘ શક્તિના છલકાતા પ્રવાહ જેવો બની ગયો હશે અને આ સ્થૂલ શરીર ? એ તો પરમાત્માના સચેતન આકાર જેવું બની ગયું હશે. અતિમનસ પ્રકાશને ધારણ કરતો વિજ્ઞાનમય પુરુષ કાલાતીત બની જશે. તે ઊર્ધ્વમાંથી જોતો હોવાથી સમગ્રતાનું દર્શન કરતો હશે. જ્યારે અતિમનસ ચેતનાને ધારણ કરતી દિવ્ય માનવજાતિ અસ્તિત્વમાં આવશે. ત્યારે અત્યારની માનવ પ્રકૃતિ એ દિવ્ય પ્રકૃતિ બની ગઈ હશે. ત્યારે જીવનની ગતિ સત્યમાંથી સત્ય પ્રત્યે, પ્રકાશમાંથી પ્રકાશ પ્રત્યે અને અમૃતમાંથી અમૃત પ્રત્યે હશે. આવું જીવન એ જ માનવજાતિનું સાચું જીવન છે. એ જ માનવજાતિનું ઉજ્જવળ તેજોમય ભવિષ્ય છે. આ ભવિષ્યનાં નિર્માણની ભૂમિકા શ્રી અરવિન્દે તૈયાર કરી આપી છે. આમ સમગ્ર માનવજાતિના અંધકારમય ભાવિને શ્રી અરવિન્દે તેજોમય ભાવિમાં પલટી નાંખીને માનવજાતિને દિવ્યજીવનની અણમોલ ભેટ આપી છે.

**યોગક્ષેત્રમાં શ્રી અરવિન્દનું વિશિષ્ટ પ્રદાન - પૂર્ણયોગ :**

આપણા માટે યોગ શબ્દ નવો નથી. યોગ એટલે પરમાત્મા સાથેનું જોડાણ. મનુષ્ય જે ક્રિયા દ્વારા પરમાત્માને પ્રાપ્ત કરે છે, તે પ્રક્રિયાને સામાન્ય ભાષામાં આપણે યોગ કહીએ છીએ. પછી તે યોગાસનો દ્વારા સધાતો હઠયોગ હોય કે ધ્યાન. ધારણા, સમાધિ દ્વારા સધાતો રાજયોગ હોય કે શરણાગતિ દ્વારા સધાતો ભક્તિયોગ હોય. ભગવાનનો સાક્ષાત્કાર કરવાના આ સઘળા માર્ગો યોગમાર્ગો છે. આ માર્ગો દ્વારા મનુષ્ય આત્મસાક્ષાત્કાર કરીને મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે. પણ આ સાધનામાર્ગો દ્વારા મનુષ્યની પ્રકૃતિ બદલાતી નથી. માનવજીવનના દુઃખો દૂર થતા નથી. યુગોથી અનેક પ્રકારની સાધના અને તપશ્ચર્યાઓ થતાં આવ્યાં છે, તો પણ જગતનાં દુઃખો ને સમસ્યાઓ એવાં ને એવાં જ રહ્યાં છે. શ્રી અરવિન્દે આ દુઃખ મુક્તિનો ઉપાય શોધ્યો. તેમણે ૧૯૨૦માં પોતાના નાનાભાઈ બારીન્દ્રને પત્રમાં આ ઉપાય વિશે જણાવ્યું હતું કે, ''ઊર્ધ્વમાં, અતિમનસ ચેતનામાં પહોંચ્યા વગર આ જગતની સમસ્યા ઉકેલાવાની નથી.'' આથી જ તેમણે અતિમનસ ચેતનાના અવતરણને પોતાની સાધનાનું લક્ષ્ય બનાવ્યું. આમ માનવપ્રકૃતિને દિવ્યતા આપવાની સાધના આધ્યાત્મિક ક્ષેત્રમાં શ્રી અરવિન્દે સર્વ પ્રથમ કરી અને પોતાનો નવો સાધનામાર્ગ તૈયાર કર્યો. આ નૂતન સાધના માર્ગ તે જ છે, શ્રી અરવિન્દનો પૂર્ણયોગ.

**પૂર્ણયોગ છે, તદ્દન નવી જ સાધનાપદ્ધતિ :**

આ યોગ તે દિવ્ય રૂપાંતરનો યોગ છે. અને તદ્દન નવો જ યોગ છે. આ વિશે શ્રી અરવિન્દે જણાવ્યું હતું કે, ''પહેલાં આ યોગની સાધના કરવામાં આવી ન હતી. જે કંઈ પ્રયત્નો થયા હતા, તે બધા તૈયારી જેવા હતા. કોઈ કોઈએ પ્રયત્ન કર્યો હશે. પણ તેની પરંપરા જળવાઈ રહેલી નથી. કાળના પ્રવાહમાં તે નષ્ટ થઈ ગઈ હશે.'' શ્રી અરવિન્દને આ નવો યોગમાર્ગ કંડારવામાં ત્રીસ વર્ષ સુધી અવિરત સાધના કરવી પડી હતી. આ સંદર્ભમાં પણ તેમણે જણાવ્યું છે કે ''પૂર્ણયોગની પદ્ધતિ તદ્દન નવી જ છે. એ મને જૂના યોગોમાં સ્વીકારાયેલી કે સિદ્ધ થયેલી મળી નથી. જો મને એવી પદ્ધતિ મળી હોત તો રસ્તો ખોદવામાં અને

(અનુ. પૃ. ૩૧ ઉપર)

# દિવ્ય-જીવન
- શ્રી અરવિન્દ

## અહંકાર અને તેનાં પરિણામો

પ્રકરણ - ૭

**સમજૂતી** - માનસિંહ ચાવડા

હિબ્રુઓની દંતકથાઓમાં આદમ અને ઈવની કથા આવે છે. તેમને બગીચાઓમાંના જીવનવૃક્ષનું ફળ ચાખવાની પ્રભુએ મના કરેલી પણ તેમણે ચાખ્યું અને તેથી તેઓનું સ્વર્ગમાંથી પતન થયું. આ દંતકથામાં એક રહસ્ય છુપાયેલું છે. આદમ છે આત્મતત્ત્વ અર્થાત્ પુરૂષ અને ઈવ છે પ્રકૃતિ તત્ત્વ. જ્યાં સુધી તેઓ વચ્ચે અભેદ હતો, સંવાદમયતા હતી ત્યાં સુધી આ બંને સ્વર્ગમાં રહેતાં હતાં. આત્મા એમ માનતો હતો કે પ્રકૃતિ એ તેનો જ વિસ્તાર છે અને તેની દ્વારા પોતે જ પ્રકટ થઈ રહ્યો છે અને પુરૂષ અને પ્રકૃતિ વચ્ચે કોઈ ભેદ નથી ત્યાં સુધી આમતત્ત્વની મૂળ શુદ્ધ અવસ્થા ટકી રહી. પણ જ્યારે પુરૂષે પ્રકૃતિ એ પોતાના ભોગ ભોગવવાનું સાધન છે, પોતાથી જુદી છે, એવું માનવાની શરૂઆત થતાં આત્મતત્ત્વની એકરસતા, અખંડિતતા ખંડીત થઈ ગઈ અને તેમની વચ્ચે ભેદ પડ્યો. આ પ્રકારનું જ્ઞાનનું ફળ ખાતા જ આદમ અને ઈવ અર્થાત્ પુરૂષ અને પ્રકૃતિ પોતાનાં મૂળ સ્વભાવમાંથી અર્થાત્ સ્વર્ગમાંથી પતન પામ્યાં અને આ વિકૃતિને કારણે દુઃખ, યાતના મૃત્યુ વગેરે દ્વંદ્વોનો આવિર્ભાવ થયો.

સત્-ચિત્-આનંદ આ પરમ-ચેતનાનું શુદ્ધમય સ્વરૂપ છે. આ સ્વરૂપમાં દ્વંદ્વોનું અસ્તિત્વ જ નથી. દ્વંદ્વો ત્યાં જ ઉદ્ભવે છે જ્યાં ભેદબુદ્ધિ હોય છે. પણ પરમ-ચેતનામાં કોઈ પ્રકારનો ભેદ નથી ત્યાં પરમ-ચેતના એકરસ હોય છે. અખંડ હોય છે. તેમાં અવયવો કે ટૂકડા પાડી શકાતાં નથી અને તેથી ત્યાં દ્વંદ્વો ટકી શકતાં નથી.

દ્વંદ્વોનો અર્થ છે એકબીજાથી પરસ્પર વિરોધી વસ્તુઓ. એમાં એક પ્રકારનો વિસંવાદ હોય છે. વિસંવાદિતા જ દ્વંદ્વો સર્જે છે. જ્યાં સંવાદિતા હોય ત્યાં દ્વંદ્વો નિર્માણ થઈ શકતાં નથી. પરમ-ચેતનામાં દ્વંદ્વો વચ્ચે સંવાદ સ્થપાતો નથી પણ દ્વંદ્વોને ઓગાળી નાખવામાં આવે છે. તેમને નામશેષ કરવામાં આવે છે. તેમને વટાવીને એકરસતા નિર્માણ કરવામાં આવે છે.

આપણી ઇન્દ્રિયો ભેદ દર્શન કરાવે છે. જગતને વિવિધ ટુકડાઓમાં વહેંચી નાંખે છે. વિવિધતા સત્ય નક્કર છે એવું દર્શાવે છે અને આ વિવિધતા એક બીજાથી તદ્દન જુદી અને સ્વતંત્ર છે એવો ભાવ નિર્માણ કરે છે. આ ભેદ દર્શન એ ઇન્દ્રિયોનો સ્વભાવ છે, પણ આ દેખાતો ભેદ ખરેખર જગતમાં છે કે તે ઈન્દ્રિયોની કોઈ ખામીને કારણે દેખાતો હોય છે તે તપાસી જોવું જરૂરી છે. કમળો થયેલ વ્યક્તિને બધું જ પીળું દેખાય છે પણ જગત પીળું હોતું નથી. પણ આંખમાંનો કમળો તેવું દર્શન કરાવે છે. અર્થાત્ ખામી ઇન્દ્રિયોમાં હોય છે ન કે જગતમાં. જો કોઈ વ્યક્તિની ઇન્દ્રિયોની ક્ષમતા વધારે હોય તો તેને તે જ જગત જુદા સ્વરૂપનું જણાશે. જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ દેખાતી હોય છે. આને દૃષ્ટિ સૃષ્ટિ ન્યાય કહેવામાં આવે છે. કેમેરાના લેન્સમાંની ઉણપને કારણે ધુંધળી તસવીર આવે તો તે લેન્સની ઉપણ છે નહિ કે જેની તસ્વીર લીધી તે પ્રકૃતિના દૃશ્યની. કાન્ટે આ ઇનદ્રિયોની ઉણપોની બાબત ખૂબ જ સ્પષ્ટ રીતે દર્શાવેલી છે.

આ આપણી ઇન્દ્રિયો અને તેની પાછળ કાર્ય કરતાં મનની ઉણપો જ્યાં સુધી કાઢી ન નાખવામાં આવે ત્યાં સુધી તે ઇન્દ્રિયોની શક્તિને કેટલી પણ વધારી મુકીએ તો પણ તે ઉણપો તો રહેવાની જ. મનમાં રહેલી વિસંવદિતા જ પ્રકૃતિ ઉપર વિસંવાદિતાને પ્રક્ષેપિત કરે છે. જ્યાં સુધી મનમાં ભેદ બુદ્ધિ છે. વિસંવાદતા છે, ત્યાં સુધી બાહ્ય પ્રકૃતિ પણ તેવી જ રીતે ગોઠવાયેલી રહેશે અને જીવન પણ તે વિસંવાદિતાને જ ધારણ કરીને રહેશે.

ગીતામાં એમ કહ્યું છે અજ્ઞાની લોકોએ જીવનમાં પોતાની મેળે સંતુલન પ્રાપ્ત કરેલું હોય છે. જ્યાં સુધી તેમને કોઈ વધારે વિશાલ એવા સંતુલનની પદ્ધતિ ન આપવામાં આવે ત્યાં સુધી જુના સ્થાપિત સંતુલનને ભાંગવું ન જોઈએ.
(અનુ.પૃ.૧૩ ઉપર)

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# સામાન્ય ધ્યાન અને એકાગ્રતા : તફાવત

(માતૃવાણી ભા.-૪, ૧૨ ફેબ્રુ. ૧૯૫૧, પૃ.૧૧૫-૧૨૨)

પ્રકરણ - ૪૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ કેટલાક માણસો પ્રભુ તરફ વળે છે કે તરત, તેમની પાસેથી બધા સ્થૂળ ટેકાઓ ચાલ્યા જાય છે. પૃ.૧૧૫

૨ તમને કઈ વસ્તુ વધુમાં વધુ ઝડપે લક્ષ્યમાં પહોંચાડશે - એ અંગેની તમારી દૃષ્ટિ કરતાં પ્રભુની દૃષ્ટિ સાવ જુદી જ હોય છે. પૃ.૧૧૫

૩ માણસમાં જો એકાએક (સાચી દિશામાં) પલટો થયો હશે તો..... તેને પેલા નાનકડા આંતર - અવાજ વિષે તરત જ સભાનતા થઈ આવે છે, પણ એ (સાચો ફેરફાર) જો ક્રમે ક્રમે થતો..... હશે, તો સારાં પરિણામો પણ ક્રમે ક્રમે આવશે. પૃ.૧૧૭

૪ આપણે સાચેસાચ આધ્યાત્મિક-માર્ગમાં પ્રવેશ કર્યો છે એમ ક્યારે કહી શકાય ? તમને બીજી બધી વસ્તુઓ મહત્ત્વ વિનાની લાગે છે..... તમારા મનમાં પહેલાં ન હતો તેવો પ્રકાશ આવશે.... હૃદયમાં શાંતિ આવશે..... પૃ.૧૧૭-૧૧૮

૫ ધ્યાન અનેક રીતનાં છે..... કોઈ પ્રશ્ન ઉકેલવાનો એકાગ્રતાપૂર્ણ પ્રયત્ન એ સક્રિય ધ્યાન છે. મગજમાંથી બધી ક્રિયાઓને, વિચારોને, સંવેદનોને પ્રત્યાઘાતોને હાંકી કાઢવાનો પ્રયત્ન ને અંતે..... નીરવ શાંતિ (એ નિષ્ક્રિય ધ્યાન છે). પૃ.૧૧૮

૬ એક બીજી રીતનું ધ્યાન.... તમે બની શકે તેટલા શાંત બની જાઓ

**છો..... વિચારોને અટકાવવાનો પ્રયત્ન કરતા નથી. ચેતનાને આંતરિક-દૃષ્ટા તરીકે રાખો છો..... તેમાંથી તમારી જાતને પાછી ખેંચી લો છો..... તમામને તમે પેલી અભીપ્સાની જ્યોતમાં હોમતા રહો છો. તે એક અભીપ્સાનો આનંદ બની રહે છે. પૃ.૧૧૮-૧૧૯**

૭ **'એકાગ્રતા' અને 'સામાન્ય ધ્યાન' એ બે વચ્ચે શો તફાવત છે ? એ આપણે શા માટે કરીએ છીએ અને એમાં શું થાય છે ? પૃ.૧૨૦**

❖

ઘણી વખત માણસ યોગ તરફ વળે કે તરત તેની ઉપર ઉપાધિઓ અને સમસ્યાઓ તૂટી પડે છે. તેનાં બધાં આયોજનો ભાંગી નાખવામાં આવે છે, કારણ આ આયોજનો તે વ્યક્તિએ પોતાની વ્યવહારુ-બુદ્ધિથી પોતાનાં સુખ-સગવડતા ખાતર કરેલા હોય છે. પ્રભુનું લક્ષ્ય છે તમારી ચેતનાનો વધુમાં વધુ ઝડપી અને તમને ઓછામાં ઓછું નુકસાન પહોંચાડ્યા વગર વિકાસ કરવો. આપણી ચેતનાના વિકાસની કલ્પના અને પ્રભુની કલ્પનામાં ઘણો તફાવત હોય છે, તેથી પ્રભુ પોતાના આયોજનમાં જે અવરોધરૂપ લાગે તે વ્યવસ્થા ભાંગી નાખે છે. તે સાધકને વિપત્તિરૂપ લાગે છે. પ્રભુને તમારા યોગ તરફ વાળવાનો આંતરિક હેતુ ખબર હોય છે. તમે અજાણતાં એવું માનો છો કે યોગ કરતાં બધું સારું થઈ જશે. તેની બધી ભૌતિક-વિવંચના નષ્ટ થઈ જશે. આ તો પ્રભુ સાથે સોદાબાજી છે. પ્રભુ નિરપેક્ષ -સમર્પણ માગે છે, તેથી તેની ભ્રાંતિ ભાંગવા પ્રભુને આવા પગલાં લેવાં પડે છે. માણસ સાચા આધ્યાત્મિક-માર્ગે અચાનક અથવા ક્રમશઃ વિકાસ પામતો પામતો વળે છે. પ્રથમ દાખલામાં તરત તેને અંતરાત્માનો અવાજ સાંભળવા મળે છે. બીજામાં આ વસ્તુ તબક્કાવાર વિકાસ પામતી દેખાય છે.

માણસ આધ્યાત્મિક-માર્ગે સાચા અર્થમાં ચડી ગયો છે એના શું ખાસ કોઈ લક્ષણો છે ? હા, તેને બીજી બધી વસ્તુઓનું જીવનમાં મહત્ત્વ રહેતું જ નથી. તેને ફક્ત પ્રભુપ્રાપ્તિની જ ઝંખના રહે છે. તેનું મન એકાગ્ર થવા માંડે છે, શાંત થવા માંડે છે; તેથી તેને પોતાની અંદર રહેલા સ્વરૂપમાં ઓતપ્રોત એવા સૌમ્ય આંતરપ્રકાશનો સાક્ષાત્કાર થાય છે. તેનું મન પ્રશાંતિમાં અને પેલા પ્રકાશમાં એકાગ્ર રહેતા શીખે છે.

ઘણા લોકોને લાગે છે કે એક ખૂણામાં બેસી ધ્યાનમાં રહો એ આધ્યાત્મિક-

જીવનનું લક્ષણ છે. પણ આ પૂરેપૂરો સાચો ખ્યાલ નથી. ધ્યાનથી મનને શુદ્ધ અને રૂપાંતરિત કરી શકાય છે. પ્રાણ અને શરીરનું તેમાં રૂપાંતર થતું નથી. ભાવપૂર્ણ પ્રાર્થનાથી પ્રાણ અને ચિત્ત શુદ્ધ થાય છે. સમર્પિતભાવે કરેલાં કર્મોથી શરીરની શુદ્ધિ થાય છે. વળી ધ્યાનમાં મનને બધિર જડ કરી નાંખવું એ આધ્યાત્મિકતા મુદલે નથી. ધ્યાન કરવું શરૂઆતમાં અઘરું લાગે છે અને તેના વિવિધ પ્રકારો પણ છે. દા.ત. (૧) કોઈ સમસ્યા કે કોયડો લઈને તેના વિવિધ વિચારો ઉપર એકાગ્ર થઈ ચિંતન દ્વારા તેનો સમન્વયાત્મક ઉકેલ ગોતવો એ સક્રિય-ધ્યાન છે. આ લેખકો, ચિંતકો અજાણતા જ કરતા હોય છે. (૨) નિષ્ક્રિય-ધ્યાનમાં મગજમાંથી બધી ક્રિયાઓને, વિચારોને, સંવેદનોને, પ્રતિભાવોને હાંકી કાઢીને મગજને શાંત, સ્થિર, શૂન્ય કરી રાખવામાં આવે છે. એક નીરવ-શાંતિ એ તેનું ફળ છે. (૩) સહજ ધ્યાનમાં તમે શાંત, સ્થિર, દૃષ્ટાસ્વરૂપે સ્થિર થાઓ છો. વિચારના પ્રવાહોને તેની ગતિથી પસાર થતા જુઓ છો પણ પોતાની જાતને તેમાંથી પાછી ખેંચી દૃષ્ટાભાવમાં સ્થિર રાખો છો. આથી માનસિક-મુક્તિ તમે મેળવી શકો છો. (૪) અભીપ્સાપૂર્ણ ધ્યાનમાં આપણે આપણા સ્વરૂપમાંના આંતરપ્રકાશને અભીપ્સાના તીવ્ર ભાવોથી પ્રજ્વલિત કરીએ છીએ. તે અભીપ્સા દરમિયાન નિર્માણ થતા બધા વિચારો, ભાવો, સંકલ્પને તે જ્યોત પ્રજ્વલિત કરવામાં જ વાપરતા જાઓ છો (માતાજી આને જ્યોતમાં હોમતા જવું એમ કહે છે) તેથી પેલી જ્યોતિ સાથે આપણી ચેતના દિવ્ય-ભાવોમાં ઊર્ધ્વગામી બને છે. આના પરિણામે આપણને અભીપ્સાના પૂર્તિનો આનંદ પ્રાપ્ત થાય છે. આપણી શક્યતાઓનું ઊંચામાં ઊંચું શિખર આપણે સર કરીએ છીએ.

આ બધાં જ સામાન્ય ધ્યાનના પ્રકાર છે. આશ્રમમાંનું ધ્યાન આવું જ સામાન્ય ધ્યાન હોવા છતાં તેમાં માતાજી ખાસ પ્રક્રિયા કરતાં. તેઓ આશ્રમના ધ્યાનમાં બધાંનાં સ્વરૂપોને પોતાની સાથે આંતરિક રીતે એકરૂપ કરતાં અને પછી તેઓ પોતાની ચેતના સાથે તે બધાંને પ્રભુ પ્રત્યે ઊંચે લઈ જતાં. જેઓ સંવેદનશીલ હતા, તેમની ચેતના ઊર્ધ્વગતિ કરતી તેઓ અનુભવતા. બધાંની ચેતનાને પ્રભુની ચેતના પ્રત્યે આરોહણ કરવાનું તેમાં શીખવવામાં આવતું હતું.

પ્લેગ્રાઉન્ડ ઉપર, જે સાંજે કરવામાં આવતું, તે ધ્યાન નહોતું; પણ એકાગ્રતાનો પ્રયોગ હતો. તેમાં સામાન્ય ધ્યાન કરતાં ઊલટી ક્રિયા કરવામાં

આવતી હતી. તેમાં પ્રભુની ચેતનાને નીચે સાધકોમાં એકાગ્રતાના જોરે અવતરણ કરાવવામાં આવતી હતી.

તેમાં પણ માતાજી બધાંની ચેતના સાથે એકરૂપ થઈ જતાં. તેમની ચેતના જેવી છે તે અવસ્થામાં જ ખુલ્લી કરવામાં આવતી અને તે પછી પ્રભુની ચેતનાને નીચે અવતરણ કરાવી તેઓની ચેતનામાં દાખલ કરાવવા માટે એકાગ્રતા, અભીપ્સા અને સંકલ્પનું દબાણ લવાતું. માતાજી એ વખતે એવો ભાવ ધારણ કરતાં કે દિવસ દરમિયાન સાધકોએ જે કર્મો કર્યાં છે તે પ્રભુને અર્પણ કરવામાં આવી રહ્યાં છે. આમાં માતાજી બધાંની ગ્રહણશીલતામાં એકતા સ્થાપિત કરવાનો પ્રયત્ન કરતાં. તેમની ગ્રહણશીલતાને વિશાળ બનાવતાં અને દિવ્ય-શક્તિનું તેમાં અવતરણ કરાવતાં.

માતાજીને પ્રશ્ન પૂછાય છે કે હવે તમે પ્લેગ્રાઉન્ડ ઉપર આવતાં જ નથી ? પણ અમે બધાં એકાગ્રતા કરીએ છીએ તો તેનું શું પરિણામ નહિ આવે ? માતાજી જણાવે છે કે હવે તેમની શારીરિક - હાજરીની જરૂર નથી. તેઓ પોતાની રૂમમાં બેસીને સંકલ્પબળે તે જ વસ્તુ કરી શકે છે.

(અનુ.પૃ.૯ ઉપરથી)

## દિવ્ય-જીવન

ઉપનિષદમાં એક દૃષ્ટાંત આવે છે કે તીડ પોતાના આગલા પગથી જ્યાં સુધી આગળના તણખલાનો આધાર ન લે ત્યાં સુધી પાછલા પગથી ઝાલી રાખેલ તણખલાને તે છોડતું નથી, તેમ માનવે પણ ઊર્ધ્વ ચેતના ધારણ કરીને તેમાં પોતાનું સંતુલન સ્થાપ્યા બાદ જ જુની ચેતનાના સંતુલનને છોડવું જોઈએ.

અર્થાત્ ઘણાં ક્રાંતિકારક સાધકો એવું માને છે કે જુનું ભાંગી નાખશો તો જ નવું શીખશો. પહેલાં પાણીમાં ભુસકો મારો, તરતા પોતાની મેળે શીખી જશો. આ પદ્ધતિ ખાસ લોકો માટે ગણાશે પણ સર્વસામાન્ય લોકો માટે કદાચ તે ખૂબ જ યાતનામય અને નિરાશાજનક બની જવાની શક્યતા છે.

જુના જમાનામાં પૃથ્વિની આજુબાજુ સૂર્ય ફરે છે એવું માની જીવનને તે રીતે લોકોએ ગોઠવેલું. આ અસત્ય હોવા છતાં તેમનાં જીવનમાં તેથી કોઈ મોટો તફાવત પડ્યો નહોતો. આપણા શાસ્ત્રોમાં પણ સૂર્ય મેરૂપર્વત ઉપરથી ઉગીને અસ્તાચલ પર્વત તરફ જાય છે એવી માન્યતા સદીઓ સુધી રહેલી હતી.

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# પ્રકૃતિનાં પ્રયત્નો

પ્રકરણ-૨૫

(Savitri B-1, C-4, P-60-61)

Accomplice of her cosmic huge presence,
His semblances he turns to real shapes
And makes the symbol equal with the truth:
He gives to his timeless thoughts a form in Time.
He is the substance, he the self of things;
She has forged from him her works of skill and might:
She wraps him in the magic of her moods
And makes of his myriad truths her countless dreams.

પ્રકૃતિમાં સર્વત્ર ફેલાયેલી વિકૃતિઓની હાજરી અને અસ્તિત્વ (Accomplice of her cosmic huge presence) એ ખરેખર તો પુરુષ તત્ત્વની જ વિકૃત સ્વરૂપે રજૂ થતી હાજરી હોય છે (His semblances) પુરુષ પોતે રૂપાંતરની પ્રક્રિયા દ્વારા તેમાં સુધારો કરી તેમનામાંની વિકૃતિઓનો નાશ કરીને તેમને યોગ્ય દિવ્ય-ઘાટ (real shapes) આપવાનો પ્રયત્ન આદરે છે. હવે તેઓ પોતે સાચા અર્થમાં પ્રભુનાં પ્રતીકો, પ્રભુના જ આવિર્ભાવ સ્વરૂપો બની જાય છે. (symbol equal with the truth) આ સુધારા-વધારા કે ઉત્ક્રાંતિ કરાવતી વખતે ખરેખર તો પ્રભુ પોતાનો પોતે જ આવિર્ભાવ પામવાનો જે આદિસંકલ્પ છે જે સમયાતીત છે (કારણ પ્રભુના બધા જ સંકલ્પો સમયાતીત છે) તેથી સનાતન છે (Timeless Thoughts) તેને અનુસરતા હોય છે.

માનવી-સંકલ્પો સમયમાં કરેલા છે અને તેથી તે સનાતન હોતા નથી. પણ સનાતન સત્યનાં જ કાળમાં નિર્માણ થયેલા ઓછાવત્તા સમય માટે રચાયેલા માનસિક કે પ્રાણમય પ્રાસંગિક ઘડતરો જ હોય છે, જે અમુક સમય પછી પોતાની મનોમય કે પ્રાણમય શક્તિ ખોઈ બેસે છે અને તેથી તે કાલબાહ્ય આદર્શો બની જાય છે. પ્રભુના સંકલ્પોનો વિનાશ શક્ય નથી પણ તે પૂર્ણતાથી વધુ પૂર્ણતા મેળવવાની એક વિકાસ પ્રક્રિયા બની જતી હોય છે તેમાં તે સંકલ્પ ઉત્ક્રાંતિના તબક્કાનુસાર તેને અનુરૂપ અવનવા રૂપો લઈ પોતાનું આંતરિક-સત્ય ટકાવી રાખે છે. આ રીતે પોતાના અવ્યક્ત સનાતન સંકલ્પોને timeless thoughts પ્રભુ સમયના પ્રવાહમાં લાવી તેને સાકાર (form) કરવાનો પ્રયત્ન કરતા હોય છે. આ બધા જ સાકાર વસ્તુમાત્રનું મૂળ દ્રવ્ય (substance) તો પ્રભુની ચેતના જ છે, તેમનું સત્-ચિત-આનંદ સ્વરૂપ જ છે. તેણે જ ધારણ કરેલાં તે વિવિધ રૂપો છે (ઈન્દ્રો મર્યાભિઃ પુરુરૂપો ઈયતે-તે પ્રમુખ દિવ્યચેતનાએ પોતાના આવિર્ભાવ શક્તિ સ્વરૂપ માયાથી વિવિધ વસ્તુમાત્રનાં રૂપો ધારણ કરેલા છે-વેદો) તે જ તેમનું આત્મતત્ત્વ છે, તે જ તેમનું સત્ય છે. તે સર્જનશક્તિએ જ (She) આ વિવિધ ક્ષમતાધારી યોનિઓ રચી છે (Skill) અને તેમને વિવિધ શક્તિઓ આપેલી છે (might) આ બધા માટે મૂળ દ્રવ્ય તરીકે તો તેણે પ્રભુની ચેતનાને જ વાપરી છે (forged from him) તે આદિમાયાએ જાણે પોતાના આવરણથી (wraps) પ્રભુને આચ્છાદિત કર્યાં છે અને તે આવરણો ઉપર જાણે વિવિધ વિકારો અને મનોભાવોનાં ચિત્રામણા કરેલાં છે (moods) અને આ રીતે પ્રભુના અનંત (myriad) સત્ય સંકલ્પોને (truths) પોતપોતાના અનંત સપનાંઓ તરીકે સજાવ્યાં છે.

The Master of being has come close to her.
An immortal child born in the fugitive years.
In objects wrought, in the persons she conceives.
Dreaming she chases her idea of him.
And catches here a look and there a gest

Ever he repealt in them his ceaseless births.

આવી રીતે વિવિધ રૂપોની રચના કરતાં કરતાં હવે એવો તબક્કો આવ્યો છે કે પ્રકૃતિમાતાને પ્રભુની થોડીથોડી ઝાંખી થવા લાગી છે. (Master of being) આ અનંત-વર્ષોની ગડમથલ બાદ પ્રકૃતિમાતાએ ચૈત્યપુરુષરૂપી સનાતન દિવ્ય-બાળકની (immortal child) રચના કરી છે. તેને જીવન દ્વારા પ્રગટ કરવાની યોજના સાકાર કરી છે. અનંત જન્મોનાં અનંત વર્ષો આમ પસાર થઈ ગયા છે.(fugitive years) કોઈ નિર્જીવ દેખાતી વસ્તુઓમાં દા. ત. ફૂલોમાં તેને પ્રભુની બાંધણી થતી અનુભવાય છે, તેનું દિવ્યરૂપ થોડુંક પકડાઈ ગયેલું (સુંદરમ્ પાસાનું) લાગે છે (wrought) ક્યાંક કોઈ ચેતન-પ્રાણીમાં તેને પ્રભુની ઝાંખી થોડીક મળી જાય છે (conceives) પછી પ્રકૃતિમાતા ઉત્સાહમાં આવી તેવી જ વસ્તુઓ અને વ્યક્તિઓ રચવા માટે પોતાને વધારે સક્રિય કરે છે. તેની પાછળ જાણે ગોપીની જેમ ગાંડીઘેલી થાય છે, પણ ખરેખર તે બધા તેના પોતાના ખ્યાલો જ હોય છે (her idea) તેથી તેને સમગ્રતાની કલ્પના તો આવતી જ નથી પણ ક્યાંક પ્રભુના રૂપની અલપઝલપ ઝાંખી થાય છે, તો ક્યાંક તેણે કરેલા કાર્યના પદ ચિહ્ન જોવા મળે છે (look and there a gest) કારણ પ્રકૃતિમાતા તેને પકડી પાડે ત્યાં તો તે વિકસતા ક્રમમાં પોતાનું ત્યાં જ નવું જ રૂપ સર્જે છે. પોતાના કાર્યને નવો જ ઓપ અને ઘાટ આપે છે. આ કરવા તે તે વસ્તુ અને વ્યકિતના અનેક જન્મોની હારમાળા રચે છે (ceaseless births) સારાંશ પ્રકૃતિમાતા હજી પ્રભુનાં વિકસતા રૂપો અને કાર્યોનાં આછેરા પગરવ જ સાંભળી રહ્યાં છે

He is the Maker and the world he made,
He is the vision and he is the seer:
He is himself the actor and the act.
He is himself the knower and the known,
He is himself the dreamer and the dream.

પ્રભુ બધું જ છે. જગતરૂપે પણ તે જ છે અને જગતના રચયિતા (Maker)

પણ તે જ છે. તે પોતે જ જગત જે જાણવાની વસ્તુ હોય છે તે છે અને તેનો જ્ઞાતા પણ તે જ છે. તે જ જગતરૂપી સપનું છે અને તે સપનાને માણનાર તે જ છે. તે જ દૃશ્ય છે તે જ દૃષ્ટા છે. તે જેમ જ્ઞાતા, ભોકતા અને કર્તા છે તેમ તે જ્ઞેય, ભોગ્ય અને કર્મ પણ છે. પાતંજલ યોગસૂત્રમાં કહ્યું છે કે સાચા યોગીએ આવા ત્રિપુટી ભેદો-જ્ઞાતા-ક્ષેય-જ્ઞાન, ભોકતા-ભોગ્ય-ભોગ, કર્તા, ક્રિયા, કર્મ-પ્રવૃત્તિ બધાંને વટાવી તેની પાછળ જ જે ચેતનાની એકતા છે, તેમાં જ સ્થિર રહેવાનું છે. દેહભાવ હશે તો આવા ભેદો રચાશે. દેહભાવ જશે તો એકરૂપતા આવશે. દેહભાવ છોડવો એટલે જ અહંકારને છોડવો. દેહ ત્રણ છે. ભૌતિક શરીર, મનોપ્રાણમય શરીર અને ચૈતસિક શરીર. હું શરીર નથી, મન નથી, હૃદયનાં ભાવોરૂપ પ્રાણ નથી, અને પરમાત્માનો અંશ સ્વરૂપ જીવાત્મા પણ નથી, પણ હું છું પરમાત્મા પોતે. હું જ બધા દ્વારા જીવન જીવું છું, માણું છું, કાર્ય કરું છું. આવો ભાવ રાખવો તેને જ બ્રહ્મભાવ, બ્રહ્મચર્ય કહે છે. બ્રહ્મભાવમાં વિચરવું એ જ બ્રહ્મચર્ય. બ્રહ્મભાવમાં જે વિચરે તે બધાને પોતાના જ સ્વરૂપો સમજી જીવે, બોલે, ચાલે, વર્તે. કોઈને જુદો ગણે નહિ. આને જ કહેવાય પ્રભુમય બની જવું. આજે સ્વઅનુભવથી શોધી કાઢે તે જ બ્રહ્મર્ષિ-બ્રહ્મને શોધી કાઢનાર સંશોધક. ઋષતે એટલે શોધવું અને ઋષિ એટલે સંશોધક. આ જ છે સત્યનો સંશોધક.

---

(પૃ. ૨૨ ઉપરથી)

## ઉપનિષદો

નથી. આ અજ્ઞાનના અપત્ય સમાન યાતના અન ભ્રમમાં તે ગૂંચવાઈ જાય છે, પણ માનવનો આ અધૂરો પ્રકાશ જ સાધનાથી સત્યની પૂર્ણ પ્રભાત તરફ દોરી જાય છે. તે માનવી ભાવોને તે માર્ગે જોડે છે અને આગળ વધે છે. આમ, અંતે જે દિવ્યપ્રકાશ અને તેની સંકલ્પશક્તિ (સૂર્ય અને અગ્નિ) તેને અમરતા તરફ લઈ જવા સક્ષમ છે તેમને તે પ્રાપ્ત કરે છે.

પોતાની વિવિધ સંકલ્પશક્તિના ટુકડાઓને અને તેને અભિવ્યક્ત કરતાં વિવિધ વિચારોને તે ઓળંગે છે અને વૈશ્વિકચેતનામાં પ્રવેશે છે. ત્યાં જે વૈશ્વિકસંકલ્પ હોય છે તે જ અગ્નિ છે. તેને જ વેદો વૈશ્વાનર કહે છે. તેમાં બધાં જ દેવોનો વાસ હોય છે. (ક્રમશઃ)

## યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# કેન્દ્રસ્થ સ્વરૂપ

(ભા.-૧, પૃ.૨૯૬-૩૦૨

પ્રકરણ - ૯

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ 'કેન્દ્રસ્થ સ્વરૂપ' આપણા યોગમાં, આપણી અંદર રહેલા પ્રભુના અંશ માટે વપરાય છે. તે અંશ બાકીના બધા અંશોને ટેકો આપે છે..... અને જન્મ-મૃત્યુમાંથી પસાર થઈ એ છતાં તે ટકી રહે છે. આ કેન્દ્રસ્થ સ્વરૂપનાં બે રૂપો છે..... ઊર્ધ્વમાં રહેલ જીવાત્મા જે આપણું સાચું દિવ્ય-સ્વરૂપ છે. નીચે રહેલો ચૈત્યપુરુષ છે. પૃ.૨૯૬

૨ ચૈત્યપુરુષ..... પ્રભુનો દિવ્ય બાળક છે. પ્રભુનો પુત્ર, પ્રભુનો ભક્ત છે. પૃ.૨૯૬

૩ વેદાંત જાહેર કરે છે કે જીવનું સાચું અસ્તિત્વ હોતું નથી કારણ કે પરમાત્મા અવિભાજ્ય છે. પૃ.૨૯૭

૪ જીવાત્મા વિશ્વાત્મા સાથે પોતાનું ઐક્ય અનુભવે છે. પૃ.૨૯૮

૫ ચૈત્યપુરુષ અથવા આત્મા પરમાત્માનો સ્ફૂલિંગ છે. પૃ.૨૯૮

૬ 'પુરુષ' તેનું જીવાત્માનું એક સચેતન-સ્વરૂપ છે. (આવા અનેક સચેતન-સ્વરૂપો હોય છે.) પૃ.૨૯૯

૭ ઉપર છલ્લી દેખાતી (બાહ્ય) પ્રકૃતિ એ નિમ્ન કે અપરાપ્રકૃતિ છે. 'પરાપ્રકૃતિ' તેની પાછળ ગુપ્ત રહેલી છે. પૃ.૨૯૯

૮ શાશ્વત-તત્ત્વ 'સત્' છે, હાલમાં રહેલું વિશ્વ..... તે છે સંભવન્. પૃ.૨૯૯

૯ ચૈત્યપુરુષની શક્તિ જ્ઞાન નહિ પરંતુ મૂળભૂત અથવા આધ્યાત્મિક-લાગણી છે. પૃ.૩૦૦

૧૦ જીવાત્મા વિશેના પરમાત્મા સાથેના સંબંધના બીજા વિચારો પણ છે. પૃ.૩૦૨

*   *   *

પૂર્ણયોગમાં કેન્દ્રસ્થ સ્વરૂપ એટલે આપણા સ્વરૂપનાં અંતરતમ ભાગમાં રહેલ પ્રભુનો અંશ. તે અંશ આપણા સ્વરૂપના અન્ય ભાગોને આધાર આપે છે. તે અંશ સનાતન છે અર્થાત્ જન્મ-મૃત્યુની પ્રક્રિયામાંથી પસાર થતો હોવા છતાં તે તેથી પર છે.

આ કેન્દ્રસ્થ રૂપનાં વળી બે સ્તર અથવા કક્ષાઓ છે. ઊર્ધ્વમાં રહેલ જીવાત્મા એ આપણું સાચું દિવ્ય-સ્વરૂપ છે અને તે જ ખરેખર પરમપ્રભુનો અંશ છે. તે બાબતમાં આપણે આત્મજ્ઞાન થયા બાદ જ સભાન બનીએ છીએ. તે જીવનનાં આવિર્ભાવમાં પ્રવેશતો નથી પણ ઊર્ધ્વમાં રહી અધ્યક્ષ જેવો ભાગ ભજવે છે.

બીજું સ્તર કે કક્ષા છે ચૈત્યપુરુષની. તે જીવાત્મા દ્વારા પ્રભુ પ્રત્યે સમર્પિત હોય છે અને પોતાને પ્રભુનું બાળક ગણે છે, ભક્ત ગણે છે. તેના સમર્પણભાવને કારણે તે પ્રભુ સાથે ભાવાત્મક-એકતા અનુભવે છે. તે આપણાં મન, પ્રાણ, શરીરની પાછળ રહી તેમનાં કાર્યોને ટેકો આપે છે. એક રીતે તે જીવનમાં પ્રવેશીને પોતાના દિવ્ય-સ્વરૂપની રચના કરતો હોય છે. દિવ્ય-સ્વરૂપની રચના એટલે મન, પ્રાણ, શરીરનાં જેટલાં અંશો દિવ્ય બને તેમને પોતાના કાયમી ભાગ બનાવી પોતાનું વિશિષ્ટ સ્વરૂપ રચે છે. આ સ્વરૂપ જીવાત્માએ ધારણ કરેલાં પ્રભુનાં સંકલ્પાનુસાર જ રચાતું હોય છે અને ચૈત્યપુરુષ આ બાબતમાં જીવાત્મા તરફથી જ પ્રેરણા મેળવતો હોય છે. (શિવલિંગના થાળા ઉપર દેખાતો ભાગ જીવાત્મા છે અને થાળામાં દટાએલો ભાગ ચૈત્યપુરુષ)

જીવાત્મા સદા પ્રભુ સાથે એકરૂપ હોય છે અને તેમાં જ સ્થિર હોય છે. ચૈત્યપુરુષ જેને 'જીવ' પણ કહે છે તે સક્રિય-જીવનમાં પ્રવેશી પ્રભુ સાથે સમર્પણભાવથી સક્રિય-એકાત્મા અનુભવે છે. જીવાત્મા પોતાને પ્રભુના અનંત કેન્દ્રોમાંનું એક કેન્દ્ર તરીકે અનુભવે છે. કારણ તેણે પ્રભુનો એક ખાસ સંકલ્પ ધારણ કરેલ હોય છે. ચૈત્યપુરુષ પોતાને જીવાત્માએ ધારણ કરેલ સંકલ્પના આવિર્ભાવ - કેન્દ્ર તરીકે અનુભવે છે. સારાંશ, જીવાત્મા પ્રભુનો એક અંશ છે પણ પૂર્ણ પ્રભુ નહિ. ચૈત્યપુરુષ પ્રભુના એક સંકલ્પનું આવિર્ભાવ કેન્દ્ર છે અને તે પણ પૂર્ણપ્રભુ નથી જ. આ વાસ્તવિકતા ભૂલતાં જ સાધક સાધના દરમિયાન પોતાને અવતાર સમજવાનો ભ્રમ સેવતો થાય છે. (ક્રમશઃ)

# દિવ્ય - સંકલ્પ સાથેનાં કર્મો

(ઉપનિષદો - પૃ.૮૪-૯૦)

પ્રકરણ - ૯

1. Through the growth of illumination in the mind which enables to pass beyond itself, we have the first principle of progress from mortality to immortality. P. 84
2. Both consciousness and life are included in the formula of Immortality. P. 84
3. Surya represents the divine light, Agni represents divine will. P. 84
4. As in knowledge, so in action unity is the true foundation. P. 84
5. (Before that) man lives by rays and not by sun. P. 84
6. So his action... fluctuating in its impulsion and direction stumbles among errors and sins to find the right. P. 85
7. It is subject to the twin children of the Ignorance suffering and falsehood. P. 85
8. A light that prepares by this twilight the full dawn of the truth in man knows... the straight path which will be the final result of their toil and seeking. P. 85
9. He uses them to transcend them and emerges as universal power Agni, Vaishvanva, who contains in himself all the gods and all the world. P. 85
10. Life is the condition from which the will and the light emerge It is said... Matarishva... brings down Agni

from surya. Life calls down the divine will from the truth consciousness. P. 86

11. Life generates the Maruts, nervous forces of life that becomes forces of thought. They upheld by Agni prepare the action of Indra, the luminous mind who is finder of the truth. Indra slays vritra, the coverer... causes surya to rise upon our being. Surya is the manifester Savitri who manifests... immortality. P. 86
12. Life, body, action will these are our first matters. P. 86
13. The body is not ourselves, but only an outer tool and instrument, which is of formation and dissolution. It is the assertion of death. P. 86
14. At first sight it may appear that birth and death are attributes of the life, infact, they are the processes of matter of the body. Life forms body, it is not formed by it. P. 87
15. The life principle supplies the journeys of the soul, their matterial in the formative energy which takes shape in them. But their presiding god is the will i.e. Kratu. P. 87
16. Kratu (It) is the energy of consciousness, which comes into its kingdom only when it emerges in mind. P. 87
17. In the man, the use of consciousness by mental will is imperfect. P. 87
18. The lord, the true will stands back from the actions and not bound by them. P. 87
19. The Upanisad invokes the will to remember the thing that has been done. P. 87
20. The mental will kratu becomes what it at present only represents, the divine will, Agni. P. 88

21. The essentiality of the divine will is that in it consciousness (knowledge) and energy (force) are one. P. 88
22. It is Jatavedas that which has right knowledge of all births. P. 88
24. It is the divine will that conducts the universe. P. 88
25. In will knowledge and action are one movement. P. 88
26. With the complete submission of the individual to the divine will which reveals the illumination of surya in him. P. 89
27. Knowledge of the lord and submission to the lord... are the two keys of the divine gates, the gates of Immoratality and nature of the two united is an illumined devotion. P. 89

પ્રકાશમય મનની પ્રાપ્તિ એ અમરતા તરફનું પ્રથમ પગલું ગણાશે. અમરતામાં ચેતના અને ચેતનાની અભિવ્યક્તિ રૂપ જીવન બન્નેનો સમાવેશ થાય છે. તેમાં ચેતના સાથે જ અભિવ્યક્તિનાં સાધનો પણ સનાતન, અમર બની જાય છે.

વેદોમાં સૂર્ય એ દિવ્યપ્રકાશનું પ્રતીક છે અને અગ્નિ દિવ્યસંકલ્પનું પ્રતીક છે. દિવ્યસંકલ્પ આપણને દિવ્યપ્રકાશ તરફ લઈ જાય છે અને દિવ્યપ્રકાશ અમરતા તરફ લઈ જાય છે. દિવ્યપ્રકાશરૂપ સૂર્ય જ દિવ્યચેતના છે અને તેની સંકલ્પશક્તિ એ જ અગ્નિ છે.

અમરતામાં જ્ઞાન અને ક્રિયાશક્તિ એકરૂપ અને અવિભાજ્ય હોય છે. જ્ઞાનમાં જ નિર્માણ કરવાની ક્ષમતા પણ હોય છે. માનવમાં જ્ઞાન અને તે દ્વારા આવતી સર્જનશક્તિ અલગ અલગ હોય છે અને ઓછીમાત્રામાં પણ હોય છે. અવિકસિત હોય છે, તેથી તેનાં કર્મો પણ અધૂરાં, ભૂલભરેલાં અને દુષ્કૃત્ય સ્વરૂપ પણ હોય છે. આવી વ્યક્તિ સત્યના પંથ ઉપર સીધે સીધી ચાલી શકતી

(અનુ. પૃ. ૧૭ ઉપર)

# વેદ-રહસ્ય

- શ્રી અરવિન્દ

# સૂર્ય, સવિતૃનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૩-૧૦૬)

પ્રકરણ -૧૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકનું ચાલુ)

આ ચૈત્યપુરુષને અગ્રભાગે લાવવા માટે ઉષાનો ઉદય, ગાયોની શોધ વગેરે જે થાય છે તે કેવી રીતે કરવી તેનું વર્ણન અંગિરા ઋષિના વંશજો અંગિરસ ઋષિઓએ (અશ્વિનિકુમારોએ) કરી રાખેલ છે. તેથી તેઓ ઇન્દ્રને આ કાર્યમાં મદદરૂપ થયાં છે.

ઈન્દ્ર એટલે આપણામાં પ્રગટ થતું પ્રકાશમય મન. સાધના કરવાની તીવ્ર અભીપ્સા નિર્માણ થતાં આવું વિવેકયુક્ત, આંતર-પ્રકાશથી પ્રકાશિત ચેતના પ્રગટ થવા લાગે છે. તે જ ઇન્દ્ર છે. ઇન્દ્ર એટલે મન. ઇન્દ્રિયોનાં સંવેદનોને સ્વીકારી તેમાંથી માનસ-પ્રતિમા સર્જનાર મન છે. પણ આ તેનું સર્વસામાન્ય કાર્ય છે. આ કાર્ય સાધનામાં અવરોધરૂપ ઘણી વખત થાય છે. કારણ તેમાંથી વાસના, દુર્વિચાર, કુભાવો, આવેગો નિર્માણ થાય છે તેથી વેદોમાં અને પુરાણોમાં ઇન્દ્ર ઋષિઓના તપમાં અવરોધો નિર્માણ કરતો વર્ણવેલ છે. ભગવાન શંકર અને કામદેવની કથા આમાં મુખ્ય છે. પણ ઋષિ પોતાના તપસ્‌થી વાસનાગ્રસ્ત મનને શુદ્ધ કરીને પ્રકાશમય વિવેકપૂર્ણ મન પ્રગટાવે છે. તે જ સાચો ઇન્દ્ર છે. જે હવે યોગીઓને મદદરૂપ થાય છે.

તેમાં જન્મતો સાધના કરવાનો દૃઢ વિશ્વાસ અને સંકલ્પ એ જ વજ્ર છે. જેની મદદથી અજ્ઞાનરૂપ, અચેતન અને અવચેતનરૂપ વૃત્રને તે હણે છે. પણિઓ જે ઠગ જેવા છે, કંજૂસ છે, સાધક પાસેથી તેના દિવ્યતત્ત્વોને, ક્ષમતાઓને છૂપાવી

રાખે છે, અને તેમનો રાજા 'વલ' જે સાધકની ક્ષમતાઓને વીંટળાઈ વળે છે, તેનો નાશ ઈન્દ્રે-પ્રકાશમય મને કરવાનો હોય છે. આ ઈન્દ્રના વિજયમાં સહભાગી થાય છે અંગિરસ ઋષિઓ. તે આર્યોના પૂર્વજો છે, પિતૃઓ છે, તેમણે ઈન્દ્રને બળવાન કરી વિજયી થવાની પદ્ધતિ શોધી કાઢી છે.

માનવ-સ્વરૂપમાં દસ પ્રવેશ - દ્વારો છે જેની દ્વારા દિવ્ય-શક્તિઓ, વિશ્વ-શક્તિઓ, વિશ્વદેવો પ્રવેશીને તેના મનને પોષણ આપે છે. ભૌતિક કક્ષાએ નવદ્વારોનું વર્ણન જોવા મળે છે. (નવદ્વારે પુરે દહિન્) શરીરમાં પ્રવેશવાનાં નવ દ્વારો છે, છિદ્રો છે - બે આંખો, નાકનાં બે નસકોરાં, બે કાન, મુખ, લિંગ, ગુદા આ નવ ભૌતિક છિદ્રો છે અને મસ્તકના ઉપરનું તાળવું એ દસમદ્વાર ગણાય છે. પણ આ ભૌતિક અર્થ છે.

યોગિક અને માનસિક અર્થ નીચે મુજબનો છે. મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધિ, ભ્રૂમધ્ય અને સહસ્રાર; આ સાત યોગચક્રોરૂપી સાત દ્વારો છે. તે સિવાય અવચેતનનું કેન્દ્ર અને અચેતનનું પગની પાનીમાં છે. આ બે મળીને કુલ નવ દ્વારો થયાં. દસમ દ્વાર પગની પણ નીચે, ઉપર જે સહસ્રાર છે તેમ નીચે પણ છે. આમ દસમ-દ્વાર કહેવાય છે.

આંગિરસ ઋષિઓએ આ દસે દ્વારો દ્વારા દિવ્ય-શક્તિને પોતાના સ્વરૂપમાં દિવ્ય-શક્તિઓને અવતરણ કરાવવાની યુક્તિ શોધી કાઢી છે, તેથી તેમને દશગ્વા અર્થાત્ દસે દ્વારો દ્વારા દિવ્ય શક્તિઓને અવતરણ કરવાની કીમિયા જાણનારા કહ્યાં છે. આ પ્રક્રિયાથી જ પ્રકાશમય મન સબળ બને છે, પ્રગટ થાય છે અને વૃત્રનો નાશ કરી સૂર્ય, ઉષા, ગાયોને મુક્ત કરે છે. સામાન્ય માનવને કુદરતે નવ દ્વારો દ્વારા શક્તિ મેળવવાની જન્મજાત ક્ષમતા આપી છે, પણ તે બાબત તે સભાન માત્ર નથી; તેથી તેવા માનવને નવગ્વા કહે છે. વેદો જણાવે છે કે આંગિરસો જ્યાં સુધી નવગ્વા હતા ત્યાં સુધી ઈન્દ્ર બચારો ગોઠણભેર નાના બાળકની જેમ ચાલતો હતો અને તેથી વૃત્ર અને પણિઓ માથાભારે થઈને સૂર્ય વગેરેને કેદમાં નાખી બેઠા હતાં. પણ જ્યારે અંગિરસો દસગ્વા બની ગયા કે તરત ઈન્દ્ર પ્રકાશમય મન બનીને વૃત્ર સામે યુદ્ધે ચડ્યો અને તેણે ચૈત્યપુરુષ રૂપી સૂર્યને

અને તેની આંતરપ્રેરણાઓ રૂપી ગાયોને સમજણ અને વિવેકરૂપી ઉષાને પ્રગટ કરવા માંડ્યા.

હવે પ્રશ્ન એ છે કે અંગિરસ ઋષિઓએ દસગ્વા થવા માટે શું કર્યું ? વેદો તેની પણ પ્રક્રિયા ખૂબ જ સ્પષ્ટ રીતે જણાવે છે.

અંગિરસોમાં અભીપ્સા કરવાનું જન્મજાત સામર્થ્ય હતું. તેથી તેમના ચિત્‌માં જે પ્રકાશમય અવસ્થાઓ જન્મતી તેને વેદ 'અર્ક' કહે છે. અર્ક એટલે સૂર્ય. ચૈત્યપુરુષની ચૈતસિક અભીપ્સાઓ એ જ 'અર્ક' છે. તે માટે તેઓ વેદમંત્રોની મદદથી જે જે ભાવવિભોર અવસ્થાઓ રચતા તેની મદદથી તે પ્રકાશમય મનને પ્રકટ થવા મદદ કરતાં. તેને અગ્રભાગે આવવા મદદ કરતાં. આ તેમની પ્રક્રિયાને જ 'અર્કૈ' અર્કની અવસ્થાથી યજ્ઞ કરવાની પદ્ધતિ કહેતા. આ પણ કેવી રીતે કરવું તેની પણ વિગતો વેદોમાં જાણવા મળે છે. ચિત્‌માં એક અનંત રૂપો દ્વારા પ્રગટ થતી નિરાકાર ચેતના - સ્વરૂપ હું છું અને તે ચેતના પ્રકાશમય છે એવો ભાવ રચવો પડતો તેને 'સામ્' અવસ્થા રચવી એમ કહે છે. સામવેદના મંત્રો આ રીતે જ ગવાવા જોઈએ એ તેમનો આગ્રહ હતો. સામગાનની તે પદ્ધતિ હતી. બ્રહ્મતત્ત્વ બધાં દ્વારા સમસમાન રીતે જ પ્રગટ થાય છે, તેથી તેને જ 'સામ' કહે છે. સારાંશ, શબ્દોનો ભાવપૂર્ણ પાઠ કરવાથી જ ચિત્તમાં ઈન્દ્ર પ્રગટ થાય છે, તે બળવાન બને છે અને ગોઠણભેર ન ચાલતા વજ્ર સાથે લઈ યુદ્ધે ચડે છે. તેને મળતી આંતરપ્રેરણાઓ રૂપી સારમા કૂતરી તેને મદદ કરે છે. આવી રીતે ઈન્દ્ર આંગિરસ ઋષિઓની મદદથી યુદ્ધે ચડતો વર્ણવેલ છે. અંતે તે વિજયી થાય છે. પ્રથમ ઉષાને મુક્ત કરે છે. પછી ગાયોને, પછી સૂર્યને. આવી રીતે ચૈત્યપુરુષને તે અગ્રભાગે લાવવામાં આવે છે.


**Sponsorship**

**This issue is Sponsored by**
**SMITA and LALITBHAI MISTRY**
**from**
**NewJersey, U.S.A.**

## શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

# શ્રી કૃષ્ણ અને શ્રી અરવિન્દ

પ્રકરણ - ૩૧

(પૃ.૧૩૫-૧૩૮)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1. Shri Krishna never set out to arrive at any physical transformation... Neither Buddha nor Shankar nor Ramkrishna had any idea of transforming the body. P. 136
2 Krishna is not the supramental light. He supports the evolution through the Overmind leading it towards the Ananda. P. 136
3 (Krishna) who was the guide of my Yoga and with whom I realised identity... All that is not to me something philosophical or mental but a matter of daily and hourly realisation and intimate to the stuff of my consciousness. P. 137
4 If you can give yourself to him (your istadeva Krishna) you give yourself to me. P. 137
5 (In christ) Tliere is more of the ethical put forward than of the spiritual or divine man. P. 137
6. I have always refrained from these comparison (Christ and Krishna etc.) in my published writting in order to avoid this error (sactcrian narrowness) P. 138

શ્રી કૃષ્ણે કોઈ વખત શારીરિક - રૂપાંતરની વાત જ કરી નથી. આંતરિક-ચેતનાને બ્રહ્મસ્વરૂપ કરવાની જ (બ્રહ્મભૂત) તેમણે વાત કરી છે. તેથી શારીરિક-રૂપાંતર બાબતનાં સૂચનો ગીતામાંથી મળવાની શક્યતા ઓછી છે. તેવી જ વાત ગૌતમબુદ્ધ, શંકરાચાર્ય અને રામકૃષ્ણ પરમહંસની છે. હનુમાનજીની ઉપાસના કરતાં કરતાં શ્રી રામકૃષ્ણનો પૂછડાંનો શારીરિક ભાગ વધ્યો તે ઈષ્ટદેવતા સાથેની શારીરિક-એકતાનાં પરિણામોનો દાખલો છે.

શારીરિક - રૂપાંતરમાં શરીરનાં સમગ્ર કોષો જ પોતાનું રૂપાંતર સાધે છે. તેમના કેન્દ્રમાં જે અવચેતન - અચેતન સ્થાપિત થયેલ હોય છે અને તેમના કાર્યનું સંચાલન કરે છે, તેની જગ્યાએ દિવ્ય-ચેતનાના પ્રકાશને સ્થાપવામાં આવે છે અને કોષોનું સંચાલન આ દૈવી પ્રકાશ મારફત પ્રભુ પોતે કરવા માંડે છે. તેમાં જે શારીરિક તફાવત પડવા માંડે છે તે રોગ, ઘડપણ, મૃત્યુમાંથી મુક્તિ સ્વરૂપનાં હોય છે. માતાજી તેવી ઘટનાને કોષોમાં થતું સત્તાન્તણ કહે છે. તે પ્રકારનો ઠાકુરનો શારીરિક ફેરબદલ નહોતો.

મહાભારતમાંના યુધિષ્ઠિરનું સદેહે સ્વર્ગારોહણની ઘટના પણ આવા શારીરિક રૂપાંતરની ઘટના નથી. તેમાં કૂતરો પણ સદેહે સ્વર્ગે પહોંચે છે. ઉત્ક્રાંતિના તબક્કામાં પ્રાણી દ્વારા શારીરિક - રૂપાંતરની શક્યતા ઓછી જણાય છે.

ત્યાં જો સૂક્ષ્મશરીરથી સ્વર્ગે ગયાં એવો અર્થ લઈએ તો તે વાત શક્ય છે. કારણ સૂક્ષ્મ શરીર જ વિવિધ સૂક્ષ્મ લોકોમાં આવાગમન કરતું હોય છે. તે વાત કદાચ કૂતરા માટે પણ શક્ય છે અને ગજેન્દ્ર મોક્ષમાંના હાથી બાબત પણ પ્રાણીઓ ચેતનાનો વિકાસ કરતાં કરતાં માનવ - શરીર ધારણ કરતાં પહેલાં સ્વર્ગમાં જાય તો તેવી શક્યતા જણાય છે.

પણ ઉપરના અવતારો કે વિભૂતિઓએ તેવી વાત કરી નથી. તેથી તે ઉતરતા ક્રમમાં છે, તેવી વાત નથી. પ્રભુએ નિયત કરેલા કાર્ય માટે જ આ લોકો આવતા હોય છે. શ્રી અરવિન્દના બદલે મહાત્મા ગાંધીને ભારતને સ્વાતંત્ર્ય અપાવવાની નિયતિ કાંઈ શ્રી અરવિન્દની કનિષ્ઠતાદર્શક નથી જ. પ્રભુનો સંકલ્પ સર્વોપરી છે.

શ્રી કૃષ્ણ અધિમનસ ચેતનાને શારીરિક-કક્ષાએ લાવનાર અવતાર હતાં. અધિમનસ કક્ષાએ દૈવી-ક્ષમતાઓ પ્રગટ થવા લાગે છે. તેથી જ શ્રીકૃષ્ણ

વિશ્વરૂપદર્શન અર્જુનને કરાવી શક્યાં. અધિમનસના શારીરિકમાં અવતરણ સિવાય અતિમનસનું અવતરણ શક્ય નથી. તથી અતિમનસ અવતરણની પૂર્વ તૈયારી કરવા જ શ્રીકૃષ્ણ આવેલા એ નિશ્ચિત અને તેથી શારીરિક-રૂપાંતર જે અતિમાનસિક રૂપાંતરનું પરિણામ છે તેની વાત શ્રીકૃષ્ણ કરે એવી અપેક્ષા પણ અયોગ્ય છે. શ્રી અરવિન્દ અતિમનસ શરીર રચવાની વાત કરે છે પણ તેઓ આનંદમય શરીર રચવાની વાત કરતા જ નથી, કારણ તે અતિમનસ ચેતનાના અવતરણ પછીનો ભાવિ તબક્કો છે. તેમણે એટલું જ વિધાન કર્યું છે કે દુઃખ અને યાતનાને પણ આનંદમાં પલટાવી શકાય છે.

શ્રી કૃષ્ણે જ અલિપુર જેલમાં અને તે પછી પોંડિચેરીના શરૂઆતનાં વાસ્તવ્યમાં શ્રી અરવિન્દને યોગિક-માર્ગદર્શન આપેલું છે અને તેમ કરતાં કરતાં શ્રી કૃષ્ણ સાથેની એકરૂપતા સિદ્ધ કરી શક્યાં; તે દિવસ જ સિદ્ધિદિન છે, જેને અધિમનસના અવતરણની સિદ્ધિ પ્રાપ્ત કરેલો દિવસ ગણવામાં આવે છે. શ્રી અરવિન્દ માટે શ્રી કૃષ્ણ એક કલ્પના નથી પણ એક દિવ્ય-અસ્તિત્વની વાસ્તવિકતાની જ વાત છે, જે તેઓ હરદિન દિવસમાં કેટલીએ વાર અનુભવે છે. તેથી તેમની જેમ જ શ્રીકૃષ્ણ જો દિલીપકુમાર રૉયના જીવનમાં પણ ભાગ ભજવે તો તેમાં નવાઈ જેવું નથી.

શ્રી અરવિન્દ ઈશુ ખ્રિસ્ત બાબત જણાવે છે કે તેમનો ઘણોખરો ઉપદેશ નીતિ અને સદાચારનો છે. તેમાં આધ્યાત્મિક સત્યોના દાખલા બહુ ઓછા છે. ખ્રિશ્ચન ધર્મમાંના રૂઢિ અને પરંપરા, વર્તન પ્રકારોમાંની શુષ્કતા શ્રી અરવિન્દને તેમનાં ઈંગ્લેન્ડમાંના વાસ્તવ્ય-દરમિયાન બહુ આકર્ષક લાગી નહોતી.

ગીતામાં દેખાતા આધ્યાત્મિક-સત્યોના ઊંડાણ તેમને ઈશુના ઉપદેશમાં બહુ જ ઓછાં જોવાં મળ્યાં. કૃષ્ણ અને ઈશુ બન્નેએ મહાનકાર્યો પોતપોતાના સ્થાને રહીને પોતપોતાના કાળમાં કર્યાં છે. તેમની તુલના કરવી યોગ્ય નથી. સંપ્રદાયવાદીઓ જ આવા ઉધામા લે છે. યોગી કોઈ સંપ્રદાયથી બંધાતો નથી, તેથી શ્રી અરવિન્દે સદા પોતાના જાહેર લખાણોમાં આવી તુલના કરવાનું ટાળ્યું છે. પણ યોગી બધામાં જે સારું છે જેની સાધનામાં જરૂરી છે, તે બધું બધાં પાસેથી ભેદભાવ વગર કૃતજ્ઞતાથી સ્વીકારે છે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

## (ચેતનાનાં સ્તરો અને વિભાગો)

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)
પ્રકરણ - ૩૫

## સચ્ચિદાનંદ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **સચ્ચિદાનંદ એટલે ત્રણ પાસાવાળું એક અખંડ તત્ત્વ. પૃ.૩૧**
- **પરમ દિવ્યતામાં..... અવિભાજ્ય કેવળ નહી પરંતુ એટલા બધા તો અન્યોન્યમાં ઓતપ્રોત હોય છે કે બિલકુલ છૂટાં હોતા નથી. પૃ.૩૧-૩૨**
- **.....આવિર્ભાવની ઉચ્ચ ભૂમિકાઓ (માં)..... એમાંનું કોઈ એક વધારે આગળ પડતા કે પ્રધાન તત્ત્વ તરીકે બનીને પાયા તરીકે કે નેતા તરીકે વર્તી શકે છે. પૃ.૩૨**
- **નિમ્ન પ્રકૃતિના પ્રદેશમાં એ ત્રણે પાસાંઓ દેખાવમાં ભિન્ન થાય છે. પૃ.૩૨**
- **સાચે જ, એ ત્રણ તત્ત્વોનું જે જુદાપણું અનુભવી શકાય છે તેના વિના દુઃખ, અજ્ઞાન, મિથ્યાત્વ અને મૃત્યુ તથા આપણે જેને 'અચેતન' કહીએ છીએ, તે વસ્તુઓ મુદ્દલે આવિર્ભાવ પામી શકત નહી. પૃ.૩૨**

શ્રી અરવિન્દ અતિમનસની ભૂમિકા સમજાવ્યા બાદ હવે સચ્ચિદાનંદ વિષે સમજ આપી રહ્યાં છે.

'સચ્ચિદાનંદ' શબ્દ ત્રણ શબ્દોનો બનેલો છે - સત્ (existence), ચિદ્ (consciousness-force) અને આનંદ (bliss).

સત્ એટલે આવિર્ભાવમાં સ્થાયી થયેલું તત્ત્વ કે પાસું, સત્ય. ચિદ્ એટલે ચેતના જે સર્વવ્યાપી તત્ત્વ છે અને શક્તિ પણ છે. આનંદ એટલે સત્યના આવિર્ભાવમાં ચેતના દ્વારા લેવાતો અનુભવ (experince).

મૂળભૂત રીતે દિવ્ય ભૂમિકાઓમાં આ 'સચ્ચિદાનંદ' શુદ્ધ સ્વરૂપે હોય છે અને એકજ તત્ત્વરૂપે હોય છે. ઉતરતી શ્રેણીઓમાં નીચેની કક્ષાઓમાં આ પાસાંઓ જુદાં પડતા હોય તેવું લાગે છે. સાધક યોગ દ્વારા ઊર્ધ્વ ભૂમિકામાં પણ તેને ઘણીવાર અલગ અલગ રીતે અનુભવતો હોય છે કારણ કે અનુભૂતિમાં આમાંનું કોઈ એક પ્રધાન સ્વરૂપે અનુભવાતું હોય અને અન્ય પાસાંઓ પાર્શ્વભૂમિમાં ચાલ્યા ગયા હોય છે.

પરંતુ આવિર્ભાવની નિમ્ન ભૂમિકાઓમાં તે જુદાં જુદાં લાગે છે અને સર્વ સામાન્ય માનવ માટે તો જુદાં જ છે તેવો અનુભવ હોય છે. નિમ્ન ભૂમિકાઓમાં તે તાત્વિક રીતે તો ગોપિત અને એક જ હોય છે. પરંતુ માનવ તેને જુદાં જુદાં જ અનુભવી શકે છે. આ જુદાં જુદાં અનુભવાતા પાસાંઓને કારણે જ માનવ દુઃખ, ગ્લાની, મૃત્યુ વિગેરેનો અનુભવ લઈ શકે છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે : Consciousness is Chit but also Shakti (Letters on Yoga, Pg.28). આ ચિદ્ પાસું ફક્ત ચેતના જ નહી પરંતુ શક્તિ તરીકે પણ અનુભવાય છે. ચેતના જ્યારે નિષ્ક્રિય હોય છે ત્યારે તે એક શુદ્ધ સ્વરૂપે અનુભવાય છે. પરંતુ ચેતના કાર્યરત બને છે ત્યારે તે શક્તિ સ્વરૂપે અનુભવાય છે. વળી, ચિદ્ - ચેતના - બાહ્ય કે આંતરિક હોઈ શકે છે, શક્તિ કે બળ કે પ્રકૃતિ તરીકે પણ અનુભવાય છે.

આવિર્ભાવની આ પ્રક્રિયામાં 'સચ્ચિદાનંદ' સર્વવ્યાપી અને સર્વ સમાવેશક પણ છે. તે ક્યાં નથી ? માનવ 'સચ્ચિદાનંદ' ના કોઈ પણ સ્તરને પોતાની ચેતનાની કક્ષા મુજબ અનુભવી શકે છે.

જ્યારે માનવ આ સચ્ચિદાનંદના બધાં જ પાસાંઓને સંવાદમય રીતે એક સાથે અનુભવી શકતો નથી ત્યારે તેમાંથી દુઃખ, અહંકાર, અજ્ઞાન અને મૃત્યુ બની આવે છે. માનવ મન આ ત્રણેય પાસાંને અલગ-અલગ જ નહી, પણ

એકાંગી રીતે દરેક જુદાં જ અસ્તિત્વમાં છે અને ભિન્ન છે તેમ માને છે. આ ઘટના જ માનવને દુઃખ, અજ્ઞાન, અહંકાર અને મૃત્યુનો અનુભવ કરાવે છે.

અને આ જુદાં જુદાં અનુભવવા તે જ 'અચેતના' (Inconscient)ની ખાત્રી કરાવે છે. પરમ ચેતનામાં, ચેતનાના બધાં જ સ્તરોની સંવાદમયતા એકરૂપતા અને ઐક્ય જ આ સચ્ચિદાનંદનો પૂર્ણ અનુભવ માનવને કરાવી શકે છે. અને તે સ્થાયી રીતે ત્યારે જ બની આવે છે જ્યારે માનવ તેના વિકાસ-ક્રમમાં પણ ક્રમિક રીતે સંવાદમય અને પૂર્ણતા પ્રાપ્ત કરતો જાય છે.

સચ્ચિદાનંદની અનુભૂતિ અને સાક્ષાત્કાર માટે શ્રી અરવિન્દ ''યોગ સમન્વય''માં જણાવે છે કે :

We have to realise the true self of ourselves and of all; and to realise the true self is to realise Sachchidananda. (CWAS, Vol 23-: P.390)

---

(અનુ.પૃ.૭ ઉપરથી)

## પૂર્વભૂમિકા

શોધવામાં ને તેના આંતરિક સર્જનમાં મેં ત્રીસ વર્ષ ગુમાવ્યા ન હોત. અગાઉથી ખોદેલા, સરખા કરેલા, આપેલા, પાકી સડક જેવા સહિસલામત રાજમાર્ગ ઉપર સહેલ કરતો કરતો હું મારા લક્ષ્ય સુધી સહિસલામત અને ઝડપથી પહોંચી ગયો હોત. અમારો યોગ એક આધ્યાત્મિક સાહસ છે. જૂના ચીલાઓનું પુનઃ પ્રયાણ નથી.''

શ્રી અરવિન્દનો યોગ આધ્યાત્મિક સાહસ એ રીતે છે કે તેમાં સમગ્ર પ્રકૃતિને બદલવાની વાત છે. અત્યાર સુધી એમ માનવામાં આવતું હતું કે પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય. પ્રકૃતિ કદી બદલાતી નથી. આત્મસાક્ષાત્કાર થાય તો પણ પ્રકૃતિ તો એવી ને એવી જ જડ રહે છે. ત્યારે શ્રી અરવિન્દના યોગમાં પ્રકૃતિ બદલવાની વાત છે. આપણી સામાન્ય મનુષ્યની જડ ગણાતી પ્રકૃતિને પ્રભુની પ્રકૃતિમાં પલટાવવાની વાત છે.

# અસુરોનું સ્વરૂપ

(૪-૪-૨૪) (૧૫-૬-૨૬) (પૃ.૧૯૭-૨૦૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : કેટલાક અસુરો સાધના કરતાં દર્શાવેલ છે, તે શું તેમનું પરિવર્તન નથી?

શ્રી અરવિન્દ : મોટા ભાગના અસૂરો પોતાની આસુરી શક્તિ વધારવા જ સાધના કરે છે. તે સાચી સાધના નથી. પણ અપવાદ હોઈ શકે છે. દા.ત. પ્રહલાદ.

શિષ્ય : ઉત્ક્રાંતિમાં અસુરોનું સ્થાન શું? તેમના વગર ઉત્ક્રાંતિ શક્ય છે?

શ્રી અરવિન્દ : ઉત્ક્રાંતિ બાબત તે પ્રકારનાં પ્રાચીન વિચારો છે. એક ઉત્ક્રાંતિ દુઃખ, સંઘર્ષ, મુશ્કેલી વગેરે દ્વારા જ આગળ વધે છે. આ અસુરોની પદ્ધતિ છે. બીજો વિચાર છે કે ઉત્ક્રાંતિ સુખ, શાંતિ, આનંદ, સંવાદ દ્વારા આગળ વધે છે. આ દેવોનો વિચાર છે. દેવો અને અસુરો બન્ને ઉત્ક્રાંતિને પોતાની રીતે આગળ વધારવા માંગે છે. આપણી ઉત્ક્રાંતિમાં આજે બન્ને તત્ત્વો કામ કરી રહ્યાં છે. તેથી ઉત્ક્રાંતિની પ્રક્રિયા જટીલ થઈ ગઈ છે.

બધા ગૂઢ શાસ્ત્રો માને છે કે પ્રથમ બધા જ સૂરો હતાં. પ્રભુએ બધાને ઉત્ક્રાંતિમાં સ્વતંત્ર રીતે કાર્ય કરવાની છૂટ આપી. તેમાંથી આ બે પક્ષો રચાયા અને થોડાક સૂરમાંથી અસૂર બન્યા. પરંપરા તો એમ કહે છે કે માનવ વંશ અર્થાત્ ઈવ અને આદમ પણ સ્વર્ગમાં જ રહેતા હતાં. પણ તેમણે સંઘર્ષનો ઝેરી વિચાર (સાપનો ઉપદેશ) માન્ય

કર્યો તેથી તેઓ સ્વર્ગમાંથી પતન પામ્યાં. વેદોમાં પણ દેવાસુર સંગ્રામ માન્ય રખાયો છે. પુરાણમાં વિરોધી ભક્તિ તરીકે (વેરભારથી પ્રભુને પ્રસન્ન કરવો)ની રીત માન્ય રખાઈ છે. રાવણ અને હિરણ્યકશ્યપૂ માનવો જ હતાં. પણ પાછળથી અસુર બન્યાં. માણસ માટે આસૂરી-જીવન એ પતનરૂપ છે.

શિષ્ય : અસૂરના હુમલાઓથી કેવી રીતે બચી શકાય?

શ્રી અરવિન્દ : દિલની સચ્ચાઈ અને વિશુદ્ધિ જ તમને અસુરોથી બચાવે છે કારણ તે સદા સંવાદમય આંદોલનો જ નિર્માણ કરે છે. અસુરો મનમાં વિસંવાદ રચે છે. વિવેક શક્તિને નબળી પાડે છે.

ફક્ત દિલની સચ્ચાઈ અને વિશુદ્ધિ જ તમને તે સંકટમાંથી પાર ઉતારશે.

શિષ્ય : અસુરો જો પ્રાણમય કક્ષાએ હોય તો તેઓ મનોમય ભૂમિકાએ પણ હોય છે?

શ્રી અરવિન્દ : મનોમય ભૂમિકા ઉપર તેમને અસુર કહેવામાં આવે છે. પ્રાણમય ભૂમિકાએ રાક્ષસ અને સૂક્ષ્મપાર્થિવ કક્ષાએ પિશાચ.

શિષ્ય : અતિમનસ કક્ષાએ અસુરો હોય છે.

શ્રી અરવિન્દ : ના, ત્યાં બધાં જ દેવો હોય છે. જે દેવો પ્રભુનું જ કાર્ય પ્રાસંગિક ધોરણે બાહ્ય રીતે આસુરી સ્વરૂપે કરે છે તેવા પણ દેવો હોય છે. દા.ત. યમ

શિષ્ય : શારીરિક - ભૂમિકાએ અસૂરો જેવો પ્રકાર છે?

શ્રી અરવિન્દ : થીઓસોફી તેમને એલીમેન્ટસ્ કહે છે. આપણે ભૂત, ડાકણ, ચુડેલ વગેરે. યુરોપિયન્સ તેને નોમ્સ (gnomes) કહે છે. નિમ્ન આસુરી સ્વરૂપોનો ઉપયોગ ઉચ્ચ આસુરી સત્વો કરતા હોય છે.

- માનસિંહ ચાવડા

# વૈદિક દેવો
## રૂદ્રો

પ્રકરણ - ૧૦

ઉપનિષદોમાં એક આખ્યાનમાં જણાવેલ છે કે દેવોને માનવી - શરીર પસંદ પડ્યું અને તેઓ તેમાં પ્રવેશ કરીને રહ્યાં. તેમને તે માનવ શરીર દ્વારા પરમાત્માને પ્રગટ કરવાનું કાર્ય સોંપાયેલું, તેથી તેમણે તે મુજબનું પોતાનું કામ શરૂ કર્યું.

તેમના કાર્યના બે સ્વરૂપો હતાં.

૧ વિનાશાત્મક અર્થાત્ પરમાત્માના પ્રગટીકરણમાં અવરોધો નિર્માણ કરતી રચનાઓનો નાશ કરવો.

૨ પરમાત્માનો આવિર્ભાવ કરે એવી રચનાઓ રચવી.

આમાંથી બીજું કાર્ય તેમના માટે મહત્ત્વનું હતું તે કામ કરતી વખતે તેમનું સાચું દેવત્વ પ્રગટ થતું - દિવ્યતા પ્રગટ થતી તેથી તે સ્વરૂપને વેદોમાં વર-દેવો, શ્રેષ્ઠ દેવો તરીકે વર્ણવેલાં છે. જ્યારે તેમનું વિનાશક કામ એ તો સહાયક કાર્ય હતું, ગૌણ હતું. તેથી તેવા કાર્ય વખતના તેમના સ્વરૂપને 'અવરદેવો' તરીકે વર્ણવેલ છે

દેવો માનવી શરીરમાં પ્રવેશ્યા બાદ નીચેના સ્વરૂપો ધારણ કરીને માનવી સ્વરૂપમાં રહેલાં છે.

| | **દેવતા** | **તત્ત્વ** |
|---|---|---|
| ૧ | વાયુ | પંચપ્રાણ |
| ૨ | ઈન્દ્ર | મન |
| ૩ | સોમ | ચિત્ત |
| ૪ | બૃહસ્પતિ | બુદ્ધિ |

| | | |
|---|---|---|
| ૫ | સૂર્ય | અહંકાર |
| ૬ | યમ | અવચેતન |
| ૭ | વરુણ | અચેતન |

જ્યારે આ દેવો વિનાશાત્મક કાર્ય કરતા હોય છે ત્યારે તેમને રુદ્રો કહેવાય છે. કારણ તેઓ માનવી સ્વરૂપની રચનાઓને ભાંગી નાખે છે. તેથી માનવને દુઃખ થાય છે, રુદન થાય છે. આમ રડાવનાર તે જ રૂદ્રો કહેવાયા છે (રોદનાત્ રુદ્રાઃ)

રૂદ્રો પોતાનું કાર્ય નીચેના ક્ષેત્રમાં કરે છે. તેથી તે ક્ષેત્રોને પણ રૂદ્રો કહ્યાં છે. આવા ક્ષેત્રો અગ્યાર છે. પાંચ પ્રાણ, અંતકરણનાં મન, બુદ્ધિ, ચિત્ અને અહંકાર આ ચાર ભાગ, અવચેતન અને અચેતન આમ કુલ ૧૧ (૫+૪+૨=૧૧) રૂદ્રો ગણાવેલાં છે.

દેવો માનવી સ્વરૂપમાંની નીચેની વસ્તુઓનો વિનાશ કરવા પ્રવૃત્ત થાય છે.

૧ પોતાની ચેતના પોતાના શરીર પુરતી મર્યાદિત છે. એવો ભ્રમ. આના ઉપાય તરીકે વિશ્વચેતનામાં પ્રવેશ કરવાનું જરૂરી છે જે ઉપાય બીજા અધ્યાયમાં દર્શાવેલ છે. દા.ત. વિશ્વરૂપ પુરૂષની ચેતનાસાથે એકરૂપ થવાનો દિવ્ય સંકલ્પ સતત મનમાં ઘોળાતો રાખવો. તન્મે મનઃ શિવસંકલ્પ મસ્તુ (૧/૧૦ રૂદ્રાયાયી) મારું મન તે દિવ્ય-સંકલ્પને સતત ધારણ કરતું રહે.

૨ મન અને ચિત્ત તો ચંચળ જ છે. તેમને સ્થિર, શાંત કરવા એ અશક્ય વાત છે એવો ભ્રમ. તે માટે એ વસ્તુ સમજો કે વિશ્વપુરુષની ચેતનાનો ફક્ત એક જ ભાગ આ વિશ્વરૂપે સક્રિય બનીને સાકાર થએલ છે. તેના ત્રણ ભાગો તો હજી નિરાકાર, નિષ્ક્રિય અને શાંત છે. વિશ્વપુરુષની તે નિરાકાર શાંત ચેતનામાં પ્રવેશવાથી મન પણ શાંત સ્થિર બની જાય છે.

ત્રિપાદૂર્ધ્વ ઉદૈત્પુરુષમ્ પાદોસ્યેહા ભવત્ પુનઃ

તે વિશ્વપુરુષના ત્રણ ભાગ ઊર્ધ્વમાં અવિકારી રહ્યાં છે અને એક જ ભાગ જગતરૂપે વિકારી બન્યો છે. (રૂદ્રાધ્યાયી ૨/૪)

૩ દિવ્ય-શક્તિઓને અમે ધારણ કરવા અસમર્થ છીએ. કારણ અમારો તેમની સાથે સંપર્ક જ સધાતો નથી. આ ભ્રમ. આ માટે આપણે દિવ્ય-શક્તિઓને આપણામાં અવતરણ કરાવવા માધ્યમ અથવા સેતુ રચવો પડે છે. તે છે આપણા મનને પ્રકાશમય કરવું. વેદો તેને ઇન્દ્ર કહે છે. પ્રકાશમય મન રૂપી ઇન્દ્ર જ બધી દિવ્ય-શક્તિઓને આપણા સ્વરૂપમાં અવતરણ કરાવે છે. જેથી આપણા સ્વરૂપનું રૂપાંતર થાય.

તદિન્દ્રેણ જયત તત્સહધ્યં યુધોઃ (રૂદ્રાધ્યાયી ૩/૨)

ઇન્દ્રના જય સાથે જોડાઈ આપણે આ યુદ્ધ કરીએ.

પ્રેતા જયતાનર ઇન્દ્રોવં શર્મ યચ્છતુ (૩/૧૪)

(પ્રયત્નથી વિજય પામી માણસ ઇન્દ્રનું યશ મેળવે છે.)

આ રૂપાંતરની પ્રક્રિયા એ જ આપણો વ્યક્તિગત માનસિક યજ્ઞ છે. તેથી વૈશ્વિક ઉત્ક્રંતિરૂપી વૈશ્વિક યજ્ઞને મદદ મળે છે.

યજ્ઞેન યજ્ઞમજંત દેવાઃ (રૂદ્રાધ્યાય ૨/૧૬)

(વ્યક્તિગત જીવન યજ્ઞ દ્વારા વૈશ્વિક ઉત્ક્રાંતિનો વૈશ્વિક યજ્ઞ દેવો સાથે કરીએ)

૪ મારી પ્રકૃતિને બદલવી એ મારી ક્ષમતા બહારની વસ્તુ છે એ ભ્રમ. તે માટે આપણે આપણા ચૈત્યપરુષ રૂપી સૂર્યને આપણી પ્રકૃતિ બદલવા આગળ લાવવો જોઈએ. કારણ તે આપણા સ્વરૂપરૂપી જગતમાંની દરેક વસ્તુને સ્પષ્ટ જોઈ શકે છે. આ ચૈત્યપુરુષરૂપી સૂર્ય એ જ આપણો વ્યક્તિગત આત્મા છે.

સૂર્ય આત્મા જગત સ્તસ્થચક્ષુશ્ચ (રૂદ્રાધ્યાયી ૪/૭)

આ મારો સૂર્ય એજ મારો આત્મા છે અને તે મારા સ્વરૂપરૂપી જગતની બધી વસ્તુને જોઈ શકે છે.

આ સૂર્ય આપણો આત્મા કેવી રીતે બન્યો તેની પ્રક્રિયા નીચેના મંત્રમાં જણાવી છે.

આ કૃષ્ણેન રજસા વર્તમાનો નિવેશયન્ અમૃતં મર્ત્યચ।

હિરણ્યેન સવિતા રથેના દેવો યાતિ ભુવનાનિ પશ્યન્ (રૂદ્રાધ્યાયી ૪/૧૭)

સૂર્યશક્તિ સાવિત્રી (સર્જનશક્તિ) પૃથ્વી ઉપરનાં પાર્થિવ તત્ત્વમાં પ્રવેશીને જીવન સર્જે છે. તેની પ્રક્રિયા અહિં વર્ણવેલ છે. નીલપ્રકાશ કિરણો (Altra - Violet) દ્વારા આ સર્જનશક્તિ (આકૃષ્ણેન્) પાર્થિવ અણુમાં પ્રવેશી (નિવેષયન્) ત્યાં સ્થિર થઈને (રજસા વર્તમાના) કાયમી વસવાટ કરે છે (અમૃત્યં ચ) આ સાવિત્રી શક્તિ પાર્થિવ તત્ત્વમાંના સુવર્ણ પ્રકાશમય, વિજ્ઞાનમય કોષમાં રૂદ્રાધ્યાયીના બીજા અધ્યાયમાંના પ્રવેશી (હિરણ્યેન સહિતા) તે વિજ્ઞાનમય કોષને વહન કરનાર પાર્થિવ પરમાણુમાં રહેલ (રથેન) ચૈત્યપુરુષને આવી મળે છે (દેવોયાતિ) અને તેવા પાર્થિવ પરમાણુના સમુદાય સ્વરૂપ શરીર સાથેના કુલ ત્રણે શરીરમાં (ભુવનાનિ) તે ચૈત્યપુરુષ જાગૃત થાય છે (પશ્યન્) અને તેમની બાબત સભાન બને છે.

રૂદ્રાધ્યાયીના બીજા અધ્યાયમાંના પુરુષ સૂક્તમાંના ૧૫માં મંત્રમાં જણાવે છે કે સપ્તસ્યાસન્ પરિધયઃ સમિધા કૃતાઃ અર્થાત્ આ પાર્થિવ કોષના સાતે પર્યાવરણ સ્વરૂપ સાતે પરિધોરૂપી સપ્તલોકો (સપ્સ્યાસન્ પરિધયઃ) (સાત ચક્રની સાત પ્રકૃતિ રૂપ સાત જગતો) તે પાર્થિવ કોષમાં રહેલ ચૈત્યપુરુષને પોષણ આપે છે. જેમ યજ્ઞમાંના અગ્નિને સમિધા વધારે ચેતવે છે (સમિધાઃ કૃતા)

પરમાણુ વિજ્ઞાની ડૉ.નિલ્સ ભોરે પરમાણુના સાત એનર્જીલેવલની હસ્તી સ્વીકારી છે અને તેમાં ઇલકટ્રોન ચક્રાકાર ગતિથી ઉપર ચડે છે, ઉતરે છે એમ જણાવેલ છે.

તે જ મંત્રમાં બીજી લીટીમાં જણાવેલ છે કે દેવાઃ યદ્‌યજ્ઞમ્ તન્વાના અવધ્નન્ પુરુષમ્ પશુન્॥

વૈશ્વિક શક્તિરૂપ દેવોએ (દેવાઃ) તે વૈશ્વિક ઉત્ક્રાંતિ રૂપ યજ્ઞને (યદ્ યજ્ઞમ્) આગળ વધારીને (તન્વાના) તે ચૈત્યપુરુષના વિકૃત પ્રતિબિંબરૂપ અહંકારરૂપી પશુનો (પુરુષં પશુન્) નાશ કર્યો (અવધ્નન્) અર્થાત્ તેનું વિકૃત સ્વરૂપ નષ્ટ કરીને દિવ્ય સ્વરૂપ આપ્યું. તેને પ્રભુના આવિર્ભાવ કેન્દ્ર રૂપ બનાવ્યો. (ક્રમશઃ)

# ધ્યાન એટલે શું ?

પ્રકરણ - ૩૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Meditation by Shri Vijay. P.1-27)

(ગતાંકથી ચાલુ)

૬ **આરોગ્ય માટે ધ્યાન :**

પોતાના શરીરમાં પ્રકાશ-સ્વરૂપ પ્રભુનું ધ્યાન કરો. પ્રભુ પોતે પ્રકાશ સ્વરૂપ હાજરાહજૂર છે. તેથી તમને રોગો થવા જ શક્ય નથી એવો વિશ્વાસ નિર્માણ કરો. હયાત રોગગ્રસ્ત ભાગો ઉપર તે પ્રકાશને સંકલ્પ બળે કેન્દ્રિત કરો અને તમારો રોગગ્રસ્ત ભાગ સાજો થઈ રહ્યો છે એવું જુઓ અને અનુભવો.

૭ **વાપરવાની વસ્તુઓ માટેનું ધ્યાન :**

તમે જે વસ્તુ વાપરવા માંગતા હો તે વસ્તુને પ્રથમ પોતે પરમ-પ્રભુ સ્વરૂપ પ્રકાશથી ઓતપ્રોત કરવા પોતાની આંગળીઓના ટેરવા મારફત તે પ્રકાશને વસ્તુઓ તરફ મોકલો. તે વસ્તુ પ્રકાશથી ઓતપ્રોત થઈ ગઈ છે તેવું જુઓ અને અનુભવો. પછી તે વસ્તુને પ્રભુની પ્રસાદી રૂપે વાપરો.

જમતી વખતે થાળીમાંના પદાર્થો માટે પણ આ રીતે જ ધ્યાન કરવાનું હોય છે.

૮ **મૃત્યુનું ભય નિવારવા માટે ધ્યાન :**

પોતાના શરીરમાં પ્રકાશ સ્વરૂપ પ્રભુને ઓતપ્રોત કરી તે પ્રકાશમાંથી જ તમારા સ્વરૂપ જેવું જ સ્વરૂપ રચો. તે સ્વરૂપને પોતાના શરીરમાંથી બહાર કાઢી સામે ઉભું રાખો અને તે સ્વરૂપને કહો, ‘‘હે મારા સૂક્ષ્મશરીર, તું પોતે સહેજ રીતે પીડા વગર આ સ્થૂળ શરીરથી પોતાને જુદું અને સ્વતંત્ર

કરી શકે છે. મૃત્યુ વખતે આ જ પ્રક્રિયા થતી હોય છે. પણ તે પરાણે કરાવવાથી દુઃખ અને પીડાદાયક બની જાય છે. તું મૃત્યુ સમયે સહજ રીતે સ્વેચ્છાએ શરીર બહાર નીકળી જજે, જેથી તને મૃત્યુની પીડા ન અનુભવવી પડે.

૯ **જ્ઞાન માટે ધ્યાન :**

જ્ઞાન વૈશ્વિક વિશાળ નિરાકાર ચેતનામાં વસેલું છે. તેથી તેમાં પ્રવેશ કરવાથી જગતમાંનું જ્ઞાન મેળવી શકાય છે. તે માટે તમે તમારી ચેતનાને ઊર્ધ્વારોહણ કરાવી મસ્તકના બ્રહ્મરંધ્ર દ્વારા મસ્તકની બહાર કાઢો, ત્યાં પ્રકાશ સ્વરૂપ પ્રભુ નિરાકાર અસીમ, સ્થિર, અચલ, નિર્લેપ ચેતના સ્વરૂપે અનુભવાશે. આ વૈશ્વિક - પ્રભુના દર્શન છે. ત્યાં તમે તમને જે વિષે જ્ઞાન જરૂરી લાગે તે મુજબનો સંકલ્પ વાવો. બે ત્રણ દિવસમાં જ તે બાબતનું જ્ઞાન તમને આંતરપ્રેરણાથી અથવા વાંચન, શ્રવણ દ્વારા મળવાની શરૂઆત થશે.

૧૦ **પ્રકૃતિ - શુદ્ધિ અને સમગ્ર સમર્પણ સિદ્ધ કરવા માટેનું ધ્યાન :**

આપણા સ્વરૂપમાં પાર્થિવ તત્ત્વ, પ્રાણમય તત્ત્વ, મનોમય તત્ત્વ. વ્યક્તિગત આત્મતત્ત્વ (ચૈતસિક) વિશ્વચેતના અને પરમ-ચેતના આટલાં તત્ત્વો રહેલાં છે. આ બધાની પોતાની ચેતના છે, જે પ્રકાશસ્વરૂપ છે. તેમના પ્રકાશ રંગ નીચે મુજબના છે.

પાર્થિવ તત્ત્વ = લાલ, પ્રાણતત્ત્વ = સિંદુરિયો, મનસ્તત્ત્વ = પીળો, વ્યક્ગિત આત્મા (ચૈત્યપુરુષ) = ગુલાબી, નિરાકાર વૈશ્વિક ચેતના = શ્વેત, પરમાત્મતત્ત્વ = સુવર્ણ.

આ બધાં પ્રકાશ રંગોથી ક્રમે-ક્રમે તમે પોતાને ઓતપ્રોત કરો અને તે પ્રકાશરંગનું તત્ત્વ શુદ્ધ થઈ રહ્યું છે એવું જુઓ અને અનુભવો. તે તત્ત્વને પછી પ્રભુને સમર્પિત કરતા જાઓ.

આના પ્રતીક તરીકે જ આપણે પૂજામાં ક્રમશઃ કંકુ, સિંદુર, હળદર, ગુલાલ, અબીલ અને ચોખા (અક્ષત) વાપરીએ છીએ.

૧૧ **મૃતાત્માની સદ્ગતિ માટેનું ધ્યાન :**

પોતાના શરીરમાં પ્રકાશ સ્વરૂપ પ્રભુને ઓતપ્રોત કરો. પછી પોતાની મનની આંખો સામે મૃતાત્માની માનસ પ્રતિમા રચો. આંગળીઓના ટેરવામાંથી તમારો પ્રકાશ તેને મળી રહ્યો છે એવું જુઓ અને અનુભવો અને પ્રાર્થના કરો, ''પ્રભુ આ મૃતાત્માને શાંતિ આપો, સદ્ગતિ આપો, તેને સંરક્ષણ આપો, તેને પોતાના શરણે લો.''

૧૨ **કુટુંબમાંની અશાંતિ મટાડવા માટેનું ધ્યાન :**

પોતાના શરીરમાં પ્રકાશ સ્વરૂપ પ્રભુને ઓતપ્રોત કરો. તે પછી પોતે ધારણ કરેલા પ્રકાશને સમગ્ર મકાનમાં ફેલાએલો અનુભવો. તે પછી તમારા હૃદયમાંથી નીકળેલું પ્રકાશ કિરણ કુટુંબના બધાં સભ્યોના હૃદય સાથે જોડાઈ નેટવર્ક તૈયાર કરે છે તેવું અનુભવો અને જુઓ. પછી પ્રભુને નીચેની પ્રાર્થના કરો, ''હે પ્રભુ, અમે બધાં પ્રેમથી સાથે રહીએ. એકબીજા માટે કોઈ પૂર્વગ્રહ ન રાખીએ. એકબીજા ઉપર નિરપેક્ષ, નિખાલસ પ્રેમ રાખીએ. અમારા બધાંનું કલ્યાણ કરો. અમે બધાં આનંદ અને શાંતિમાં રહીએ. પ્રભુ આપે જે આપ્યું છે તે પ્રેમથી આપની પ્રસાદી તરીકે ભોગવીએ. અમે સહુ સાથે મળી ચેતનાનો વિકાસ કરીએ.''

૧૩ **વિશ્વશાંતિ અને માનવજાતિની પ્રગતિ માટેનું ધ્યાન :**

ઉપર મુજબ જ ધ્યાન કરવું ફક્ત પ્રકાશ સમગ્ર વિશ્વમાં ફેલાએલો જોવો અને પ્રકાશનું નેટવર્ક સમગ્ર વિશ્વના અગણિત માનવો સાથે જોડાએલું જોવું અને અનુભવવું અને પાછળ મુજબ જ પ્રાર્થના કરવી. પ્રાર્થના, ''પ્રભુ બધાં સુખી થાઓ, બધાં નિરામય રહો, બધાં વિકાસ કરો. સારાંશ, તમે પોતાના જીવનમાંના દરેક કાર્ય અને સમસ્યાના નિવારણ માટે પોતે ધારણ કરેલા પ્રકાશરૂપ પ્રભુની મદદ લઈ શકો છો.

તમારી ઈચ્છા પ્રભુ સંકલ્પ સાથે મળતી હશે તો તુરંત પરિણામ દેખાશે, નહિ મળતી હોય તો તમારી અપેક્ષા મુજબ પરિણામ નહિ આવે, પણ તમારી ચેતનાનો વિકાસ થશે.

## ૧૪ મુક્તિ માટેનું ધ્યાન :

મુક્તિ મેળવવા

(૧) પોતાની ચેતના શરીર પૂરતી મર્યાદિત છે અને

(૨) આંતરબાહ્ય ઘટનાઓ અને વિચારોથી દુઃખી થાય છે. આ બે વસ્તુઓમાંથી મુક્તિ મેળવીને જ પ્રાપ્ત થાય છે.

આ માટે તમે આકાશ તરફ જોઈ મારી ચેતના આકાશની જેવી અસીમ છે. શરીર પૂરતી મર્યાદિત નથી. તે આકાશની જેમ નિર્લેપ છે, શુદ્ધ અને શાંત છે, એવી ભાવના કરીને પોતે આકાશની જેમ નિરાકાર, અસીમ, નિર્લેપ ચેતના છે એવું ધ્યાન કરવાનું હોય છે. આથી તમે વિચાર પ્રવાહમાંથી મુક્તિ મેળવી સાક્ષીરૂપ ચેતના સાથે એકરૂપ થવા માંડશો અને વિચારોના પ્રવાહમાંથી મુક્તિ મેળવી શકશો. ચેતનાને વિશાળતામાં જ સ્થિર કરવી જરૂરી છે. (ક્રમશઃ)

---

(અનુ. પૃ.૪૭ ઉપરથી) **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો**

તેથી દરેક વસ્તુ પોતાના યોગ્ય સ્થાને જ છે. અને તે અન્ય વસ્તુઓ સાથે યોગ્ય સંબંધ પણ ધરાવે છે. તે સંબંધ છે પ્રભુના વિવિધ આવિર્ભાવ તરીકેનો, વળી પૂર્ણતા એ તો પ્રભુનું એક પાસું માત્ર છે. અન્ય પાસાં છે. દા.ત. સત્ય, વિશુદ્ધિ, એકતા, અમરતા, અનંતતા, શાંતિ, ચૈતન્ય વગેરે. દરેક પાસાં દ્વારા પ્રભુ મેળવી શકાય છે. પાસાંનો તફાવત ફક્ત બાહ્ય સ્વરૂપનો છે. બધાં અંતે પ્રભુ સાથે એકરૂપ થઈ જાય છે. ત્યાં સ્થળ કાળ નથી.

પૂર્ણતાની રીતે પ્રભુને જોવા એ પણ એક રીત માત્ર છે. તેમાં બધું જ યોગ્ય લાગે છે. તેથી તેને 'સર્વતોભદ્ર' માર્ગ કહે છે.

વ્યવહારમાં આપણે દરેકની કક્ષા નક્કી કરીએ છીએ. દા.ત. પવિત્રતાની વિવિધ કક્ષાઓ કહેવાય છે. પ્રભુ સિવાય કાંઈ જ નહિ એ તેની અંતિમ કક્ષા હોય છે. અન્ય પાસાઓનું પણ આ રીતે જ છે.

# પડોશી : પહેલા સગા - પછી બીજા

પ્રકરણ - ૧૩

એક મોટું તળાવ. તેની પડખે એક ઘેઘૂર વડલો. તેની ઉપર એક બાજ પંખી રહે. તેની કોઈ સાથે મૈત્રી નહિ. એકલો અટૂલો જીવે.

ત્યાં પડખેના ઝાડ ઉપર એક બાજરાણી રહેવા આવી. યુવાન અને સુંદર હતી. બાજને લગ્ન કરવાની ઇચ્છા થઈ. તેણે બાજરાણીને મનની વાત કહી.

બાજરાણી બોલી. ''તમને કોઈ મિત્ર નથી. મને તો મિત્રો સાથે વાત કરવી ગમે. તમે પહેલા પડોશીઓને મિત્રો કરો. તે જો મને કહે તો જ તમને પરણીશ.''

બાજે પોતાનો સ્વભાવ સુધાર્યો. તેણે પડોશી એક બિલાડા સાથે મિત્રતા કરી. તેથી બિલાડાના મિત્ર એક કાચબા અને એક સિંહ પણ તેના મિત્ર બની ગયાં. બિલાડાએ બાજરાણીને મનાવી બાજ સાથે લગ્ન કરાવ્યા.

બાજ અને બાજરાણી પેલા વડલા પર પોતાનું ઘર બાંધી રહેવા લાગ્યા. થોડા માસ પછી બાજરાણીએ ઈંડા મૂક્યા.

એક દિવસ સમી સાંજે અંધારું થતા એક શિકારી, શિકાર ન મળવાથી થાક્યો - પાક્યો વડલા નીચે આરામ કરવા બેઠો. તે ભૂખ્યો હતો. ત્યાં તેને કાને બાજ પક્ષીનાં બચ્ચાંનો કલરવ સંભળાયો. તેને ફરી ભોજનની આશા જાગી. પણ અંધારામાં જોઈ શકતો નહોતો. તેણે તાપણું કર્યું. તેના અજવાળે ઝાડ ઉપર ચડવા લાગ્યો.

બાજે પોતાના પડોશીઓને બોલાવ્યા. બિલાડો શિકારીના આડે ઉતર્યો. તેથી શિકારી અપશુકન માની નીચે ઉતર્યો. કાચબાએ પોતાની તરફ શિકારીનું ધ્યાન ખેંચ્યું. શિકારી તેને પકડવા દોડ્યો. તો કાચબો નદીમાં સરકી ગયો. ત્યાં સિંહે અંધારામાં જ ત્રાડ પાડી શિકારી તો છળી મર્યો. પાછું જોયા વગર ભાગ્યો.

પછી બધાં પડોશી ભેગા થયા. બાજે તે બધાંનો આભાર માન્યો. પડોશી એ પહેલાં સગા હોય છે. તે તરત હાજર થઈ મદદ કરે છે. સાચા સગાને તો આવતા વાર લાગે.

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## પ્રેમ

પ્રકરણ - ૭ (પૃ. ૨૦-૨૪)

૧ **શું ચૈતસિક પ્રેમ પોતાના સ્વબળે જ ઊર્ધ્વતમ સત્યને પામી શકે છે ?**

હા, જરૂર પોતે પામી શકે છે, પણ તે ઊર્ધ્વતમ સત્યને નીચે અવતરણ કરાવવા અન્ય તત્ત્વોના સહકારની જરૂર પડે છે.

૨ **પ્રભુ- પ્રેમ આપણામાં છે તે કેવી રીતે જાણી શકાય ?**

શુદ્ધ ભક્તિભાવ, પ્રભુ પ્રત્યેનો સમર્પણભાવ અને પ્રભુ પ્રત્યેની આજ્ઞાધિનતા બિનશર્તી અને અખંડ અનુભવાય તો તે પ્રભુ પ્રત્યેના સંપૂર્ણ પ્રેમના લક્ષણો છે. અહંકારના અભાવ સિવાય આ વસ્તુઓ બનતી નથી.

૩ **શું ચૈત્યપુરુષનો પ્રેમભાવ હંમેશા પ્રભુ પ્રત્યે વળેલો હોય છે ?**

કોઈ કોઈ વખત માનવ તરફ પણ વળેલો હોય છે. પણ તે પ્રભુ તરફ વળતો નથી, ત્યાં સુધી તેને સંપૂર્ણ ચૈતસિક સંતોષ પ્રાપ્ત થતો નથી.

૪ **શું ચૈતસિક પ્રેમ અને દિવ્ય-પ્રેમ એકજ વસ્તુ છે ?**

ના, દિવ્ય-પ્રેમમાં એકરૂપતા અનુભવાય છે. ચૈતસિક પ્રેમમાં નિસ્વાર્થ ભાવ, વફાદારી, આત્મસમર્પણ અનુભવાવા છતાં અલગતા અનુભવાય છે. તે માનવ-પ્રત્યે પણ હોઈ શકે છે. જ્યારે દિવ્યપ્રેમ તો પ્રભુ પ્રત્યે જ હોય છે. પછી ભલે તેને તે માનવમાં કે અન્યમાં દેખાતો હોય. દિવ્ય-પ્રેમનો આધાર અંતિમ આધ્યાત્મિક સત્યના અનુભવ ઉપર હોય છે.

૫ **શું માનવ-પ્રેમ ચૈતસિક પ્રેમ બની દિવ્ય-પ્રેમ પ્રત્યે દોરી ન લઈ જાય ?**

પ્રેમના એક પ્રકારમાંથી બીજા પ્રકારમાં પરિવર્તન થવાની શક્યતા હોય જ છે. દિવ્ય-પ્રેમમાં આધ્યાત્મિક અંતિમ સત્યનો અનુભવ અચૂક હોય છે.

**૬ દિવ્ય-પ્રેમ માનવીય લાગણીઓ દ્વારા પ્રગટ ન થઈ શકે ?**

દિવ્ય-પ્રેમ બધાં જ સ્વરૂપો દ્વારા પ્રગટ થઈ શકે છે. દા.ત. પ્રભુનો પ્રેમ માનવીય લાગણીઓના અતિશુદ્ધ સ્વરૂપે પ્રગટ થતો ભક્તિયોગમાં દેખાય છે. પણ તે વખતે પણ તેનું બાહ્ય સ્વરૂપ જ માનવીય રહે છે. આંતર સ્વરૂપ તો દિવ્ય-પ્રેમનું જ હોય છે. સારાંશ, અભિવ્યક્તિનું માધ્યમ ફક્ત માનવીય દેખાય છે. એટલું જ માનવીય દ્વૈતભાવમાં દિવ્ય-પ્રેમની વિશુદ્ધિ રહેતી નથી.

**૭ શું યોગ પ્રત્યે વાળનાર હેતુ દિવ્ય-પ્રેમ નથી ?**

ના, યોગની શરૂઆત વિવિધ હેતુઓથી થતી જોવામાં આવે છે. તેમાંનો એક હેતુ માનવી-પ્રેમ હોઈ શકે છે. યોગની શરૂઆત માનવીય પ્રેમથી થવી શક્ય છે. શરૂઆતથી દિવ્ય-પ્રેમ શક્ય નથી. કારણ આધ્યાત્મિક - સત્ય તે વખતે સાધકને પ્રાપ્ત થએલ હોતું નથી.

**૮ શું ચૈતસિક પ્રેમ વડે આધ્યાત્મિક સત્યને પામી ન શકાય ?**

ના, આધ્યાત્મિક સત્યની પ્રાપ્તિ સાથે જ ચૈતસિક પ્રેમ ચૈતસિક રહેતો નથી. તે દિવ્ય-પ્રેમ બની જાય છે.

**૯ શું દિવ્ય-પ્રેમમાં લાગણીનું તત્ત્વ હોતું નથી ?**

લાગણી ક્ષણજીવી હોય છે. તે સ્વરૂપમાં ક્ષુબ્ધતા નિર્માણ કરે છે. દિવ્યપ્રેમ ચિરંતન હોય છે અને તેમાં ક્ષુબ્ધતા હોતી નથી. નિર્મળ આનંદ હોય છે. તેથી જેને આપણે લાગણી સમજીએ છીએ તેવી લાગણી હોતી નથી. પણ તીવ્રતા એ તત્ત્વ બન્નેમાં જોવા મળે છે.

**૧૦ શું લાગણી આનંદનું પ્રગટ સ્વરૂપ નથી ?**

ના, આનંદનું પ્રગટ સ્વરૂપ પણ આનંદ જ છે. વિવિધતામાં એકતાનો અનુભવ એ આનંદનું મૂળ સ્વરૂપ છે. આનંદ ચૈતસિકથી માંડી શારીરિક સુધી બધાં જ તત્ત્વો મારફત પ્રગટ થાય છે. લાગણી એ તો પ્રાણમય તત્ત્વમાંનો જ એક આવિર્ભાવ છે. તેથી આનંદ પ્રાણમય તત્ત્વ દ્વારા પ્રગટ થતી વખતે લાગણી જેવું બાહ્ય સ્વરૂપ લઈ શકે છે. (ક્રમશઃ)

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

## વિનાશ અને ઉત્પતિ (૬૦)
## પ્રભુના વિવિધ પાસાં (૬૧-૬૩)

પ્રકરણ - ૪૦-૪૧
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૦૯-૧૧૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**મેં એક મૂર્ખને નરી મૂર્ખતા ઉપર પ્રવચન કરતો સાંભળ્યો. અને મને આશ્ચર્ય થયું કે પ્રભુ આ રીતે શું કરવા માગતા હશે; પછી મેં વિચાર કર્યો અને મને ત્યાં સત્ય અને જ્ઞાનનો એક વિકૃત બુરખો દેખાયો.** (૬૦)

બાળક : માતાજી, મૂર્ખતા એ સત્ય અને જ્ઞાનનો બુરખો કેવી રીતે બને છે ?

માતાજી : બુરખો વસ્તુને સંતાડી દે છે. પણ વિકૃત બુરખો તો તેનાં મૂળ સ્વરૂપને સંતાડીને તેનું કોઈ અસત્ય, વિકૃતિ સ્વરૂપ પણ પ્રગટ કરે છે.

બાળક : માતાજી, શું શ્રી અરવિન્દ એ જણાવવા માગે છે કે અસત્ય પાછળ પણ સત્ય છુપાયેલું જ છે. નકરું અસત્ય શક્ય જ નથી.

માતાજી : હા, કારણ દરેક વસ્તુ પાછળ પ્રભુ છે જ.

જો મુર્ખતા નષ્ટ થશે તો તેને કારણે ફક્ત સત્યની વિકૃતિ નષ્ટ થશે. આભાસ નષ્ટ થશે.

વિનાશ રૂપનો થાય છે. રૂપ બદલાય છે તેને વિનાશ કહે છે. નવું રૂપ રચાય તેને ઉત્પતિ કહેવાય છે પણ જેને રૂપ જ નથી તે કેવી રીતે વિનાશ પામે. સારાંશ, વિનાશ એટલે અવ્યક્ત થવું, અને ઉત્પતિ એટલે વ્યક્ત થવું.

બાળક : શું એ વસ્તુઓ અવ્યક્ત તરીકે ક્યાં રહે છે ?

માતાજી : ચેતનાનાં બે પાસાં છે. એક નિર્વાણ બીજી સત્. બંને સાથે સાથે જ રહે છે. વસ્તુ અવ્યક્ત બને તો નિર્વાણ પાસામાં પ્રવેશે છે. અને વ્યક્ત બને તો

સત્-પાસામાં પ્રવેશે છે. પણ તેનું અસ્તિત્વ સનાતન જ છે. આ રીતે સમજણ આપી શકાય. પ્રભુ આ વિષે જવાબ આપતા નથી. ફક્ત હસે છે.

એક અવસ્થા છે જેમાં તમે કોઈ વસ્તુ સ્પષ્ટ રીતે કહી શકતા નથી. યોગી મૌન બની જાય છે. શ્રી અરવિન્દ ઘણી વખત આવી વસ્તુ સૂત્રોમાં સૂચવી દે છે. તે સમજી શકાય છે પણ ભાષા દ્વારા સમજાવી કે જણાવી શકાતી નથી.

એક વસ્તુ સાચી છે. બુદ્ધિશાળી વસ્તુને વિશ્લેક્ષણ કરીને અને ભારેખમ શબ્દો વાપરીને શુષ્ક બનાવી દે છે. પણ ઘણી વખત મૂર્ખાઓ તે વસ્તુ સહજ રીતે વ્યક્ત કરે છે. તે સમજી લેવાની જરૂર છે.

(માતૃવાણી ભાગ - ૧૦, પૃ.૧૧૧-૧૧૭)

**મુસલમાનો કહે છે કે પ્રભુ મહાન છે. હા, પ્રભુ એટલા તો મહાન છે કે એમને દુર્બળ બનવાની જરૂર પડે ત્યારે તેઓ દુર્બળ પણ બની શકે છે (૬૧)**

**પોતાના કાર્યમાં પ્રભુ ઘણી વખત નિષ્ફળ જાય છે. આ નિષ્ફળતા એ તેમની અસીમ પ્રભુતાનું લક્ષણ છે (૬૨)**

**પ્રભુ કોઈ અજેય રીતે મહાન છે. એટલે તેઓ ખુશીથી દુર્બળ બની શકે છે; પ્રભુ કોઈ અવિકારી રીતે શુદ્ધ છે. એટલે તેઓ દુષ્ટ બનીને પાપમાં પડી શકે છે. પ્રભુ શાશ્વત રીતે અખિલ આનંદને જાણતા હોય છે; એટલે તેઓ દુઃખના આનંદનો પણ રસ લે છે. પ્રભુ સદાયના જ્ઞાની છે, એટલે તેમણે પોતાની જાતને મૂર્ખ બનતા અટકાવી નથી (૬૩)**

બાળક : માતાજી, પ્રભુને દુર્બળ બનવાની શી જરૂર?

માતાજી : તેમને કોઈ જરૂરીયાત નથી. પણ તેમણે પોતાની શક્તિ દ્વારા લીલાની સંપૂર્ણતા પ્રગટ કરવાનો સંકલ્પ કરેલ છે. સંપૂર્ણતામાં બધું જ આવી જાય છે. સબળતા અને નિર્બળતા પણ. પ્રભુમાં બધું જ બનવાની ક્ષમતા છે, કારણ તે સંપૂર્ણ છે.

શક્તિ અને અશક્તિ બંને ખરેખર તો પ્રભુની વિકૃતિ જ છે. પ્રભુની દિવ્યતા આ બધાની પાછળ છુપાઈને રહેલ છે.

બાળક : માતાજી, પ્રભુ ખરેખર નિષ્ફળ જાય છે કે તે તેમની લીલા માત્ર

હોય છે?

માતાજી : બેટા, આપણે લીલા શું છે તે સમજી શકીએ છીએ. પણ પાશ્ચિમાત્ય દરેક વસ્તુને વાસ્તવિક સહેતૂક અને સત્ય ગણે છે. માટે શ્રી અરવિન્દને આ રીતે તેમને તાર્કિક રીતે સમજાવવાની જરૂર પડી છે.

ક્રિશ્ચન ધર્મમાં પ્રભુ અને જગત જુદાં છે. પ્રભુએ જગત રચ્યું છે. જે જગતમાં સુંદર છે, પવિત્ર છે, ભવ્ય છે તે પ્રભુમાંથી આવેલ છે. જે કદરૂપું છે, અપવિત્ર છે. સંકુચિત છે, તે પ્રભુમાંથી નથી આવ્યું પણ શેતાનમાંથી આવ્યું છે.

આ ક્રિશ્ચન - માનસમાં પ્રભુ જ જગતરૂપે પોતાનો આવિર્ભાવ કરી રહ્યો છે અને જે જગતમાં છે તે બધું જ પ્રભુમાંથી જ આવેલું છે એ સમજાવવું તેમને મુશ્કેલ થાય છે. માટે શ્રી અરવિન્દને આ રીતે તે વિચાર રજૂ કરવો પડ્યો છે.

શ્રી અરવિન્દ પણ ક્રિશ્ચન - કેળવણીથી ઘડાયેલા હોવાથી તેઓ પોતાની જ માન્યતા અને વિચારોને ભાંગી નાખવાનો આ રીતે પ્રયત્ન કરી રહ્યાં છે.

પ્રભુ નૈતિક ધોરણની મર્યાદાઓથી ઉપરવટ જવા પહેલાં બધાં જ સ્વરૂપો રૂપે આવિર્ભાવ પામી રહ્યાં છે પછી અંતે જે અસુંદર હશે, અદિવ્ય હશે, સંકુચિત હશે તે બધાંનું વિસર્જન થશે. આજે દેખાતી અસુંદરતા, અદિવ્યતા, સંકુચિતતા એ તો સુંદરતા, દિવ્યતા, વિશાળતાને પ્રગટ કરવાની પ્રાથમિક તૈયારી રૂપ છે. જેમ ઉત્ક્રાંતિ આગળ વધશે તેમ આ વિકૃતિઓ ખરી પડશે.

બાળક : માતાજી, લોકો કહે છે કે આ જગત પ્રભુની લીલા છે. પ્રભુ આ લીલામાં નથી પણ તેની પાછળ છે. આ લીલા તો એક ભ્રમ છે.

માતાજી : આમાં તમે પ્રભુ અને જગતને જુદાં ગણો છો. એ અસત્ય છે. પ્રભુનો જ આવિર્ભાવ જગતરૂપે થયો છે. જગત અને પ્રભુ એકરૂપ છે અને પ્રભુ જગતની ઉપર પણ છે. પ્રભુને જગતથી અળગા ન જ કરી શકાય. જગત પ્રભુની જ અંદર છે.

તેથી શ્રી અરવિન્દને જગતની વાસ્તવિકતાને પ્રભુના સ્વરૂપ સાથે જોડવા લાંબા લાંબા વાક્યો લખવા પડે છે. જેથી તેમનો વિચાર એકાંગી અને ખોટો ન ઠરે. પૂર્ણતામાં બધું જ આવી જાય છે. તેમાં સમગ્રતા હોવી જ જોઈએ. સમગ્રતામાં બધું જ આવી જાય છે. કાંઈ પણ બાકાત રહેતું નથીઃ વસ્તુ, તેનું સ્થાન કે તેના સંબંધો. (અનુ.પૃ.૪૧ ઉપર)

## પ્રાસંગિક

- શ્રી હર્ષદ ઠકરાર

# શ્રી માતાજી જન્મદિન - દર્શનદિન - ૨૧ ફેબ્રુઆરી

''મા'' શ્રી અરવિન્દ

મા ભગવતીની ચાર શક્તિઓ તે એનાં ચાર પ્રધાન વ્યક્તિ-સ્વરૂપો છે, એની જ દિવ્યતાના અંશો અને એણે ધારણ કરેલા દેહો છે. મા ભગવતી એ ચાર શક્તિ-સ્વરૂપો દ્વારા પોતે સર્જેલ પ્રાણીઓના ઉપર કાર્ય કરે છે. જગતોમાંના પોતાના સર્જનોને વ્યવસ્થિત અને સંવાદી બનાવે છે, તથા પોતાની અનંત સહસ્ર શક્તિઓનું સંચાલન કરે છે. એનું કારણ એ છે કે મા ભગવતી પોતે છે તો એક પરંતુ આપણી સમક્ષ તે જૂજ્વાં સ્વરૂપો લઈને આવે છે. એનાં અનેક શક્તિ-સ્વરૂપો અને વ્યક્તિ-સ્વરૂપો છે, અનેક પ્રાદુર્ભાવો અને વિભૂતિઓ છે, જે વિશ્વભરમાં એનું કાર્ય કરી રહેલાં છે. જે પરમ એક તત્ત્વને આપણે મા ભગવતી તરીકે આરાધીએ છીએ તે અખિલ સત્‌તા ઉપર અધિષ્ઠાન કરનારી દિવ્ય ચિત્-શક્તિ છે, તે પોતે એક છે છતાં એટલી તો અનંતમુખી છે કે ગમે તેવું વેગવાળું, શીઘ્રગ્રાહી મન કે મુક્તમાં મુક્ત અને સૌથી વિશાળ એવી બુદ્ધિ પણ એની ગતિનું અનુસરણ કરી શકે તેમ નથી. મા ભગવતી પરમ ઈશની ચેતના અને તેની જ શક્તિ છે, અને વિશ્વ સકલથી દૂર - સુદૂર ઊર્ધ્વમાં તે સર્જન કરે છે. પરંતુ જે દેહોમાં અને જે દૈવી-સ્વરૂપોમાં તે પોતાનાં પ્રાણીઓ સમક્ષ પ્રગટ થવાનું અંગીકાર કરે છે, તેમની પ્રકૃતિ અને કર્મ દ્વારા મા ભગવતીની ગતિવિધિનું કાંઈક દર્શન અને જ્ઞાન મેળવી શકાય છે, કારણ કે એ વસ્તુઓ વધારે સુરેખ અને મર્યાદિત હોવાથી આપણે માટે વધારે સુગમ હોય છે.

જે ચિત્-શક્તિ યાને ચિતિ આપણને અને વિશ્વને પોતાનામાં ધારણ કરીને ટકાવી રહેલી છે તેની સાથે જ્યારે તમારી એકતાનો સ્પર્શ શરૂ થાય છે, ત્યારે મા


ભગવતીની સત્-તાના જે ત્રણ પ્રકાર છે તેમના વિષે તમે સચેતન થઈ શકો છો. પ્રથમ, આદ્યા, પરમા શક્તિ છે, તે વિશ્વાતીત છે, તે અનંત કોટિ વિશ્વોથી પર ઊર્ધ્વમાં બિરાજે છે અને પરમ ઈશની સદા અવ્યક્ત રહસ્યમયતા સાથે તે આ સૃષ્ટિને સાંકળે છે. બીજી, જગદંબા સ્વરૂપ, વિશ્વરૂપિણી મહાશક્તિ છે. સર્વે પ્રાણીઓને તે સર્જે છે તથા વિશ્વમાં ચાલી રહેલી અસંખ્ય પ્રક્રિયાઓને અને શક્તિઓને પોતાનામાં ધારણ કરે છે, તથા તેમનામાં પ્રવેશીને રહે છે, તેમને ટકાવી રાખે છે તથા તેમનું સંચાલન કરે છે.ત્રીજું, તેનું વ્યક્તિ સ્વરૂપ છે. તેના વડે પોતાના બે વધારે મહાન સત્-તાના વિશ્વાતીત અને વિશ્વમય - પ્રકારોને પોતાનામાં મૂર્તિમંત કરે છે, એ સ્વરૂપોને જીવંત બનાવીને આપણી સમીપ લઈ આવે છે, તથા માનવની વ્યક્તિતા અને પ્રભુની, દિવ્ય, પરા પ્રકૃતિ એ બેની વચ્ચે સંયોગ સ્થાપન કરે છે.

એક, આદ્યા, પરાત્પરા શક્તિ, મા ભગવતી, સકળ વિશ્વોની શ્રેણીઓથી પર ઊર્ધ્વમાં બિરાજે છે. અને પોતાની સનાતન ચેતનામાં પરમ ઈશને તે ધારણ કરી રહી છે. એકલ, એ મા ભગવતી પરમ ઈશના સર્વશક્તિમાનપણાને અને તેની અવર્ણનીય સંનિધિને પોતાનામાં ધારણ કરે છે. જે સત્યો પ્રગટ કરવાનાં હોય છે તેમને પોતાનામાં ધારણ કરીને, અથવા તો પરમ ઈશની રહસ્ય-મયતામાં લીન રહેલાં હોય છે ત્યાંથી તેમને સાદ કરીને પોતાની અનંત ચેતનામાં નીચે ઉતારી લાવે છે, અને પોતાની શાશ્વત, સર્વસમર્થ શક્તિમાંથી આ વિશ્વમાં તેમને શક્તિનું એક સ્વરૂપ આપે છે તથા પોતાના નિરવધિ પ્રાણમાંથી પ્રાણ અને પાર્થિવ દેહ પણ આપે છે. પરાત્પરા મા ભગવતીની ચેતનામાં પરમ બ્રહ્મ પોતે શાશ્વત સચ્ચિદાનંદ રૂપે સદા પ્રગટ રહેલ છે, અને ઈશ્વર—શક્તિની એક છતાં દ્વિદલ ચેતનામાં તે મા ભગવતી દ્વારા પ્રગટ થાય છે, તથા પુરુષ પ્રકૃતિના દ્વૈત તત્ત્વરૂપે તે જ વ્યક્ત થાય છે , અનેક સૃષ્ટિઓમાં, અને ભૂમિકાઓમાં તથા દેવો અને દેવીઓમાં એ દ્વૈત-અદ્વૈત તત્ત્વને મા ભગવતી મૂર્ત સ્વરૂપ આપે છે, તથા જ્ઞાત અને અજ્ઞાત જગતોમાં જે કાંઈ છે તે સઘળું મા ભગવતીને લીધે જ સાકાર થયેલું છે. જે કાંઈ છે તે સર્વ પરમ બ્રહ્મની સાથે મા ભગવતીની લીલા છે; જે કાંઈ

છે તે સઘળું શાશ્વત પરમના રહસ્યોનો, અનંતના ચમત્કારોનો મા ભગવતીએ કરેલો આવિર્ભાવ છે. અખિલ વિશ્વ મા ભગવતી પોતે જ છે, કારણ કે સર્વ કાંઈ દિવ્ય ચિતિના જ ભાગો અને તેના જ અંગો છે. અહીં આ જગતમાં કે અન્યત્ર શ્રી મા જે નિર્માણ કરે અને પરમ ઈશ જેને અનુમોદન આપે તે સિવાય કોઈ વસ્તુ અસ્તિત્વમાં આવી શકે જ નહિ. પરમ બ્રહ્મથી પ્રેરિત મા ભગવતી પોતાના સર્જક આનંદમાં બીજ રૂપે નાંખીને પોતાની જ્ઞાન દૃષ્ટિ વડે જે વસ્તુને જુએ છે અને જેને આકાર આપે છે તે સિવાય આ વિશ્વમાં કોઈ વસ્તુ સાકાર બની શકતી જ નથી.

મહાશક્તિ, વિશ્વજનની - જગદંબા રૂપે પોતાની પરાત્પરા ચેતનાએ પરમ બ્રહ્મમાંથી જે કાંઈ સંક્રમિત કરેલું હોય છે તેને પાર પાડે છે, બીજાવસ્થામાંથી વિકસિત કરે છે, તથા પોતે જે જગતો ઉત્પન્ન કરેલાં છે તેમાં સ્વયં પ્રવેશે છે. એની સન્નિધિ એ જગતોને વ્યાપીને તેમને સભર ભરે છે, તથા જે દિવ્ય શક્તિ અને જે આનંદના વિના એ જગતો ટકી જ ન શકે તેના વડે તેમને ટકાવી રાખે છે. આપણે જેને પ્રકૃતિ યા સ્વભાવ કહીએ છીએ તે પણ મા જગદંબાનું અત્યંત બાહ્ય અને કાર્યવાહક સ્વરૂપ માત્ર છે. મા જગદંબા પોતાનાં બળોને અને પ્રક્રિયાઓને એકત્ર કરે છે તથા તેમની વચ્ચે સંવાદ સ્થાપી તેમને વ્યવસ્થિત કરે છે, પ્રકૃતિના વ્યાપારોને, પ્રક્રિયાઓને વેગ આપે છે તથા જગતમાં જે કાંઈ જોઈ શકાય તેવું છે તેમાં, યા તો જે અનુભવી શકાય તેવું છે તેમાં, ક્રિયા, જીવનની ગતિમાં જે મૂકી શકાય તેવું છે તે સર્વમાં, વિશ્વજનની, ગૂઢ કે પ્રગટ રીતે, પોતે જ ગતિ કરી રહી છે. અનેક સૃષ્ટિમાલાઓમાંની પ્રત્યેક સૃષ્ટિ તે તે પ્રકારની સૃષ્ટિમાલાની કે તે તે સૃષ્ટિની મહાશક્તિની માત્ર એક લીલા છે. પ્રત્યેક સૃષ્ટિમાં વ્યાપી રહેલી એ મહાશક્તિ વિશ્વાત્મા રૂપે તથા વિશ્વાતીત મા ભગવતીના એક વિશિષ્ટ વ્યક્તિરૂપે ત્યાં બિરાજતી હોય છે. પ્રત્યેક જગત જગદંબાએ પોતાની દિવ્ય દૃષ્ટિ વડે નિહાળેલી, સૌંદર્ય અને શક્તિ-પ્રચુર પોતાના હૃદયમાં સંચિત કરેલી અને પોતાના અગાધ આનંદમાં સર્જેલી સૃષ્ટિ છે.

(સૌજન્ય : મા : પૃ. ૩૪ - ૪૦)



# શ્રી અરવિંદ

A colonist from immortality.
A pointing beam on earth's uncertain roads,
His birth held up a symbol and a sign;
His human self like a translucent cloak,
Covered the All-Wise who leads the unseeing world.

Shri Auribindo (Savitri - B-1, C-3, P.-22)

**અશ્વપતિનો જન્મ**

અમરતાનો એ રહેવાસી, આવી વસ્યો ધરા ઉપરી,
પ્રકાશ કિરણ એ પ્રભુ તણું, ઉત્ક્રાંતિને ધગવતું,
તેનો ન કોઈ માર્ગ કે ન પદ્ધતિ જાણી હજી,
શોધવી પડશે એ વિકટ સમસ્યા ઊભી રહી,
પણ માનવ-પ્રકૃતિ તણું, એ વસ્ત્ર પારદર્શક હતું,
વળી સર્વજ્ઞ પ્રભુ પોતે, બીરાજે તે વસ્ત્ર મહીં,
જે દોરતા ઉત્ક્રાંતિને, પણ ન જાણે તેને કોઈ હજી.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg.No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annual Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# સિંહ બાળ અમે નિર્ભય ફરતા

ખૂણે ખાંચરે જ્ઞાન પ્રકાશ ફેલાવી,
આધ્યાત્મિક સમજણ સહુ હૃદયે વસાવી,
માનવને ઊર્ધ્વ દિશા દર્શાવી,
અસીમ - ચેતોવિસ્તાર ફેલાવી,
સહુ હૃદયોને માતૃ-પ્રેમે બંધાવી,
અનુભૂતિઓની સરિતા છલકાવી,
સૌમ્ય પ્રકાશની ઉષા ફણગાવી,
આત્મપ્રભાનો સૂરજ પ્રગટાવી,
જીવન યજ્ઞની ધૂણી ધકાવી,
દેવોનો નિત-સહવાસ સજાવી,
કૃતાર્થ - જીવન હરક્ષણે વિતાવી,
અમરતાના આનંદને પ્રાણી,
સિંહબાળ અમે નિર્ભય ફરતા,
સંસાર અરણ્યે ગર્જના કરતા,
પ્રભુ - કાર્યનો જયઘોષ ગજવતા,
ને પ્રબળ - સાધના માર્ગે વિચરતા.

ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો

સહજ સત્સંગ માસિક
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

પુસ્તકો
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત